વિદ્યા સહાયક / પ્રાથમિક શિક્ષક /ઉચ્ચ
પ્રાથમિક શિક્ષકના બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્ર:પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૧/૦૫/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સી.ફા.-૨૩/ક

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૪/૧૦/૨૦૨૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)

(૫) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન(SCA) ક્રમાંક-૨૨૭૫૨/૨૦૧૯માં કેસમાં નામ.હાઇકોર્ટનો તા.૨૨-૧૦-૨૦૨૨નો ચુકાદો

(૬) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન(SCA) ક્રમાંક-૨૩૦૯૨/૨૦૨૨માં કેસમાં નામ.હાઇકોર્ટનો તા.૨૪-૧૧-૨૦૨૨નો ચુકાદો

(૭) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન(SCA) ક્રમાંક-૨૬૩૪૩/૨૦૨૨માં કેસમાં નામ.હાઇકોર્ટનો તા.૨૧-૧૨-૨૦૨૨નો ચુકાદો

(૮) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરની તા.૧૦-૦૩-૨૦૨૩ની સીંગલ ફાઇલ સીસ્ટમથી રજૂ કરેલ દરખાસ્ત

**આમુખઃ**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) આગળ દર્શાવેલ આ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨ના ઠરાવથી ગુજરાત રાજયની જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં કામ કરતા વિદ્યાસહાયકો/ પ્રાથમિક શિક્ષકો/ ઉચ્ચ

પ્રાથમિક શિક્ષકો/ મુખ્ય શિક્ષકો માટે બદલીના નવા 'નિયમો' જાહેર કરવામાં આવેલ હતા. આ 'નિયમો'ની કેટલીક જોગવાઇઓને જુદા-જુદા શિક્ષકો/ વિદ્યાસહાયકો/અરજદારો દ્વારા નામદાર હાઇકોર્ટમાં રીટ-પીટીશન્સ ફાઇલ કરી પડકારવામાં આવેલ હતી. તેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાઓને ધ્યાને લઇ વંચાણે લીધેલ ક્રમાંક-(૪) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. ત્યાર બાદ જિલ્લા આંતરિક બદલી કેમ્પોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨ના ઠરાવની કેટલીક જોગવાઇઓના અર્થઘટન બાબતે નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રીટ-પીટીશન્સ દાખલ કરવામાં આવેલ હતી. આ તમામ કારણોસર આ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨ના મૂળ ઠરાવ તથા તા.૧૪-૧૦-૨૦૨૨ના સુધારા ઠરાવની જોગવાઇઓમાં સ્પષ્ટીકરણ/ સુધારાની આવશ્યકતા જણાતાં સરકારશ્રી દ્વારા વિદ્યાસહાયક/ શિક્ષકોના બદલી નિયમોમાં સુધારો કરવા વિચારણા માટે સમિતિની રચના કરવામાં આવેલ અને આ સમિતિની વિવિધ બેઠકોમાં વિદ્યાસહાયક/ શિક્ષકોના બદલી નિયમોમાં સુધારા બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ અને સમિતિ દ્વારા ચર્ચા-વિચારણાના અંતે આ ઠરાવમાં સુધારા સૂચવવામાં આવેલ છે.

**ઠરાવ:**

આમુખમાં દર્શાવેલ વિગતો પરત્વે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે સમિતિની ભલામણો ધ્યાને લઇ અને વંચાણે લીધેલ ક્રમાંક-(૩) તથા ક્રમાંક-(૪) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવોને રદ કરી વિદ્યાસહાયક/શિક્ષકોના બદલી અંગેના નીચે મુજબ સુધારેલ નિયમો પ્રસિધ્ધ કરવામાં આવે છે:



| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણની વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | A | બદલીઓના પ્રકાર | ૩-૪ |
| ૨ | B | શિક્ષકોની જગ્યાઓના પ્રકાર તથા વિભાગ | ૪ |
| ૩ | C | શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ અને વિદ્યાસહાયક /શિક્ષક મહેકમ | ૪-૫ |
| ૪ | D | વ્યાખ્યા | ૫-૭ |
| ૫ | E | બદલીમાં અગ્રતા | ૭-૧૦ |
| ૬ | F | બદલી સમયે છૂટા કરવાની કાર્યપદ્ધતિ | ૧૦-૧૧ |
| ૭ | G | સામાન્ય સુચનાઓ | ૧૧-૧૯ |
| ૮ | H | વધ-ઘટ બદલી અને વધ પરત/સરભર બદલી | ૧૯-૨૮ |
| | | (અ) વધ-ઘટ બદલી | ૧૯-૨૭ |
| | | (બ) સંખ્યાધિક શિક્ષકો તથા જિલ્લા બહાર વધમાં ગયેલા શિક્ષકોને સમાવવાનો માત્ર વધ પરત કેમ્પ | ૨૭-૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૯ | I | શાળા એકીકૃત(મર્જ)/બંધ થતા કરવાની થતી બદલીઓ | ૨૮-૩૦ |
| ૧૦ | J | રદ | - |
| ૧૧ | K | જિલ્લા આંતરિક માગણી બદલી | ૩૦-૩૩ |
| ૧૨ | L | જિલ્લાફેર એકતરફી ઓફલાઇન બદલી | ૩૩-૩૫ |
| ૧૩ | M | જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી | ૩૫-૩૮ |
| ૧૪ | N | જિલ્લા આંતરિક/જિલ્લાફેર અરસપરસ બદલીઓ | ૩૮-૪૦ |
| ૧૫ | O | અસાધ્ય રોગ અને ગંભીર બીમારીઓના કિસ્સાઓની જિલ્લામાં આંતરિક /જિલ્લા ફેર બદલીઓ | ૪૦-૪૧ |
| ૧૬ | P | વહીવટી કારણોસરની બદલીઓ | ૪૧-૪૩ |
| ૧૭ | Q | જિલ્લા વિભાજન અન્વયે કરવાની થતી બદલીઓ | ૪૩-૪૪ |
| ૧૮ | R | રાષ્ટ્રીય/રાજય સુરક્ષા સેવા હેઠળના અધિકારી/કર્મચારીઓના શિક્ષક પતિ /પત્નીની જિલ્લામાં આંતરિક / જિલ્લા ફેરબદલીઓ | ૪૪-૪૫ |
| ૧૯ | S | રાજયના વડા મથકના બિનબદલી પાત્ર અધિકારી /કર્મચારીઓના પતિ/પત્નીની જિલ્લા ફેરબદલીઓ | ૪૫-૪૬ |
| ૨૦ | T | પ્રાથમિક શિક્ષકોની કરવાની થતી પ્રતિનિયુક્તિ | ૪૬-૪૭ |
| ૨૧ | U | રાજયકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ | ૪૭-૪૮ |


| પ્રકરણ-A | |
|---|---|
| બદલીઓના પ્રકાર :- | |
| (૧) | વધ-ઘટ બદલી અને વધ પરત/સરભર બદલી. |
| (૨) | શાળા એકીકૃત(મર્જ)/બંધ થતા કરવાની થતી બદલીઓ. |
| (૩) | જિલ્લા આંતરિક માગણી બદલી. |
| (૪) | જિલ્લાફેર એકતરફી ઓનલાઇન/ઓફલાઇન બદલી. |
| (૫) | જિલ્લામાં આંતરિક / જિલ્લા ફેર અરસપરસ માંગણીથી બદલીઓ. |
| (૬) | અસાધ્ય રોગ અને ગંભીર બીમારીઓના કિસ્સાઓની જિલ્લામાં આંતરિક/જિલ્લા ફેર બદલીઓ. |
| (૭) | વહીવટી કારણોસરની બદલીઓ. |
| (૮) | જિલ્લા વિભાજન અન્વયે કરવાની થતી બદલીઓ. |
| (૯) | રાજય/રાષ્ટ્રીય સુરક્ષા સેવા હેઠળના અધિકારી/કર્મચારીઓના શિક્ષક પતિ/પત્નીની જિલ્લામાં |



૨૪

| | |
|---|---|
| | આંતરિક/જિલ્લા ફેરબદલીઓ. |
| (૧૦) | રાજયના વડા મથકના બિનબદલી પાત્ર અધિકારી/કર્મચારીઓના શિક્ષક પતિ/પત્નીની જિલ્લા ફેરબદલીઓ. |
| (૧૧) | પ્રાથમિક શિક્ષકોની કરવાની થતી પ્રતિનિયુક્તિ |

**પ્રકરણ-B**

**શિક્ષકોની જગ્યાઓના પ્રકાર તથા વિભાગ :-**

| | | |
|---|---|---|
| (૧) | પ્રાથમિક વિભાગ - | વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક (ધોરણ-૧ થી ૫) |
| (૨) | ઉચ્ચ પ્રાથમિક વિભાગ - | વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ-૬ થી ૮) ભાષા, ગણિત-વિજ્ઞાન, સામાજિક-વિજ્ઞાન |

**પ્રકરણ-C**

**શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ અને વિદ્યાસહાયક/શિક્ષક મહેકમ :-**

(૧) વિદ્યાર્થી-વિદ્યાસહાયક/શિક્ષકના પ્રમાણ અનુસાર શાળાવાર મહેકમ દર વર્ષે ૩૧ જુલાઇની સ્થિતિએ શાળાના સામાન્ય વયપત્રક (જનરલ રજિસ્ટર - G.R.) પર નોધાયેલ તથા અભ્યાસ ચાલુ હોય તેવી વિદ્યાર્થી સંખ્યાના આધારે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણએ મંજૂર કરવાનુ રહેશે. નિયામકશ્રી દ્વારા મંજૂર કરેલ મહેકમને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તાલુકાવાર મંજૂર કરશે. તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળાવાર મંજૂર મહેકમની જાણ શાળાઓને કરવાની રહેશે તથા આ મંજૂર મહેકમ આગામી નવુ મહેકમ મંજૂર ન થાય ત્યાં સુધી માન્ય ગણવાનુ રહેશે.

દરેક શાળામાં પ્રાથમિક વિભાગ (ધોરણ-૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ-૬ થી ૮) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે જુદા જુદા વિભાગ/વિષયમાં Right To Education(RTE) Act 2009 ના પરિશિષ્ટને ધ્યાને લેતાં નીચે મુજબ વિદ્યાસહાયક /શિક્ષક મળવાપાત્ર થશે.

(અ) <u>ધોરણ ૧ થી ૫ (પ્રાથમિક) નું શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ :-</u>

| ૧ થી ૫ ના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | કુલ મળવાપાત્ર શિક્ષકો |
|---|---|
| ૬૦ વિદ્યાર્થીઓ સુધી | ૨ |
| ૬૧ થી ૯૦ વિદ્યાર્થીઓ સુધી | ૩ |
| ૯૧ થી ૧૨૦ વિદ્યાર્થીઓ સુધી | ૪ |
| ૧૨૧ થી ૨૦૦ વિદ્યાર્થીઓ સુધી | ૫ |

- ત્યારબાદ દરેક ૪૦ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછો ૧(એક) શિક્ષક મળવાપાત્ર રહેશે.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦(New Education Policy-NEP) હેઠળના શિક્ષણ વિભાગના તા.૨૮/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્ર:-જશભ/૧૨૨૧/૫૦૩/ન મુજબ જે સરકારી પ્રા. શાળાઓમાં

| | |
|---|---|
| | 'બાલવાટિકા' શરૂ કરવામાં આવે તે શાળાઓમાં મહેકમ નકકી કરતી વખતે ધો. ૧ થી ૫ માં અભ્યાસ કરતા કુલ વિદ્યાર્થીઓની સંખ્યામાં બાલવાટિકાના વિધાર્થીઓની સંખ્યા ઉમેરી ઉપરના કોષ્ટક મુજબ મહેકમ મંજૂર કરવાનું રહેશે. આ જોગવાઇ શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ કે બાલવાટિકા માટે અલગથી શિક્ષક નિમવાનો નિર્ણય ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. |
| (બ) | <u>ધોરણ ૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક) નું શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ :-</u><br>ધોરણ ૬ થી ૮ ના વર્ગ માટે વર્ગદીઠ એક(૧) વિષય શિક્ષક મળવાપાત્ર રહેશે. ત્યારબાદ દરેક ૩૫ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછો ૧(એક) શિક્ષક વિષયના કુલ તાસને અનુરૂપ મળવાપાત્ર રહેશે. ધોરણવાર/વિષયવાર તાસ ગણતરી પરથી વિષય શિક્ષકની સંખ્યા નકકી કરવાનું પત્રક પરિશિષ્ટ-'ક' માં સામેલ છે. |
| | **પ્રકરણ-D** |
| વ્યાખ્યા :- | |
| (૧) | <u>વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૫ અથવા જે તે સમયે ધોરણ-૧ થી ૭ ની લાયકાત ધરાવતા અને ધોરણ-૧ થી ૫/ધોરણ-૧ થી ૭ માટે નિમણૂંક પામેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક. |
| (૨) | <u>વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માટે લાયકાત ધરાવતા અને વિષય શિક્ષક તરીકે (ભાષા, ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન) નિમણૂંક પામેલ તથા પ્રાથમિક વિભાગ (ધોરણ-૧ થી ૫) માંથી વિકલ્પ આપી ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ-૬ થી ૮) માં વિષય શિક્ષક તરીકે સમાવેશ પામેલ વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક. |
| (૩) | <u>વધ-ઘટ બદલી :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં જે તે શાળામાં વિદ્યાસહાયક/શિક્ષકના મંજૂર થયેલ મહેકમ કરતાં વધારાના ફરજ બજાવતા પ્રાથમિક વિભાગ (ધોરણ-૧ થી ૫), ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ-૬ થી ૮) નાં વિદ્યાસહાયક/શિક્ષકની કરવાની થતી વધ સરભર બદલી. |
| (૪) | <u>શાળા/ધોરણ/વર્ગો એકીકૃત(મર્જ) થતા કરવાની થતી બદલીઓ :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં આવશ્યક્તા કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યાને લીધે કે અન્ય કોઈ કારણોસર કોઈ એક કે એક કરતા વધારે શાળાઓ કે શાળાઓના ધોરણ/વર્ગો એકીકૃત(મર્જ)(Merge) (એકીકૃત) કરવામાં આવે ત્યારે મળવાપાત્ર મહેકમ કરતા વધારાના વિદ્યાસહાયક/શિક્ષકની કરવાની થતી બદલી. |

| | |
|---|---|
| | |
| (૫) | <u>જિલ્લા આંતરિક બદલી :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા માંગણીથી તે જ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં તેમના પોતાના વિભાગ/વિષયમા ઉપલબ્ધ ખાલી જગ્યામાં માંગણી મુજબ કરવાની થતી આંતરિક ઓનલાઇન(Online) બદલી. |
| (૬) | <u>જિલ્લાફેર બદલી :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા માંગણીથી અન્ય જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં તેમના વિભાગ/વિષયમા ઉપલબ્ધ ખાલી જગ્યામાં બદલાવા માટેની કરવામાં આવતી ઓનલાઇન(Online)/ ઓફલાઈન(Offline) માંગણી બદલી.<br>એક જ જિલ્લામાં આવેલ જિલ્લા શિક્ષણ સમિતિમાંથી નગર શિક્ષણ સમિતિમાં કે નગર શિક્ષણ સમિતિમાંથી જિલ્લા શિક્ષણ સમિતિમાં <u>બદલીની માગણી</u> કરેલ હોય તે જિલ્લાફેર બદલી ગણવી |
| (૭) | <u>જિલ્લા આંતરિક/જિલ્લાફેર અરસપરસ બદલી :-</u><br><u>વિદ્યાસહાયક/પ્રાથમિક/ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં પ્રાથમિક વિભાગ (ધોરણ-૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ-૬ થી ૮) વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા પોતાના જ વિભાગ/વિષયના કામ કરતાં વિદ્યાસહાયક/શિક્ષક સામે એક-બીજાની જગ્યાએ જવા માટે જિલ્લાની અંદર આંતરિક તથા જિલ્લાફેર અરસ-પરસ બદલી. |
| (૮) | <u>જિલ્લા વિભાજન અન્વયે કરવાની થતી બદલીઓ :-</u><br>સરકારશ્રી દ્વારા જિલ્લા/તાલુકા/ગામ/નગરપાલિકા/મહાનગરપાલિકાની હદમા હાલની સ્થિતિમા ફેરફાર કરવામા આવે ત્યારે જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષકની જિલ્લા વિભાજનના વિકલ્પ અન્વયે કરવાની થતી માંગણીની બદલીઓ. આ બદલીઓ યથા પ્રસંગે નિયામકશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઇ કરવાની રહેશે. આ પ્રક્રિયા સરકારશ્રીની વહીવટી પ્રક્રિયાના ભાગરૂપ નિર્ણય હોઇ તેને તક તરીકે ગણતરીમાં લેવાની રહેશે નહિ. |
| (૯) | <u>મૂળ શાળા/તાલુકો/જિલ્લો :-</u><br>(અ) ભરતીથી નિમણૂક મેળવી જે શાળા/તાલુકા/જિલ્લામાં હાજર થયા હોય તે મૂળ શાળા /તાલુકો/જિલ્લો ગણાશે.<br>(બ) પરંતુ નિમણૂક મેળવ્યા બાદ વધ/જિલ્લા વિભાજન સિવાયની અન્ય પ્રકારની બદલીથી |

| | |
|---|---|
| | છેલ્લે જે શાળામા હાજર થયેલ હોય તે શાળા/તાલુકો/જિલ્લો મૂળ શાળા/તાલુકો/ જિલ્લો ગણવાનો રહેશે. |
| (૧૦) | <u>ખાતામાં દાખલ તારીખ :-</u><br>(અ) પ્રથમ નિમણૂક આદેશ અન્વયે હાજર થયા તે તારીખને ખાતામાં દાખલ તારીખ ગણવી.<br>(બ) પરંતુ જિલ્લા વિભાજન સિવાય બદલીથી જિલ્લાફેરથી આવેલ શિક્ષકના કિસ્સામાં માત્ર બદલી માટે પ્રવર્તતા (પ્રવરતા(સિનિયોરીટી)) ગણવા જિલ્લાફેર બદલી માટે કરાયેલ બદલીના હુકમની તારીખને ધ્યાને લેવાની રહશે. |
| (૧૧) | <u>ચોખ્ખી ખાલી જગ્યા :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં કોઈ પણ વિભાગ/ વિષયમાં મંજૂર થયેલ મહેકમ કરતાં ઓછા વિદ્યાસહાયક/શિક્ષક કામ કરતા હોય અને તે જગ્યા કોઈ પણ પ્રકારના હુકમથી તે જ/અન્ય વિભાગ/ વિષયના વિદ્યાસહાયક/શિક્ષકને ફાળવેલ ના હોય તેને ચોખ્ખી ખાલી જગ્યા ગણવી જેમાં ઘટ મહેકમની સામે કામગીરી ફેરથી કામ કરતાં શિક્ષકને પણ ધ્યાને લીધા વિના ચોખ્ખી ખાલી જગ્યા ગણવી. |
| (૧૨) | જિલ્લા સંખ્યાધિક વિદ્યાસહાયક/શિક્ષકઃ (Supernumary)<br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં કુલ મંજૂર થયેલ મહેકમ કરતાં વધારાના કામ કરતા વિદ્યાસહાયક/શિક્ષકને <u>સુપરન્યુમરી (સંખ્યાધિક)</u> ગણવાના રહેશે. |
| (૧૩) | <u>વિભાગ/વિષય સંખ્યાધિક વિદ્યાસહાયક/શિક્ષક :-</u><br>(૧) ધોરણ ૧ થી ૫ માં જિલ્લામાં મંજૂર થયેલ મહેકમ કરતા કામ કરતા શિક્ષકોની સંખ્યા વધારે હોય પરંતુ જિલ્લામાં મંજૂર થયેલ કુલ શિક્ષક મહેકમ કરતા વધારે ના હોય અને જેઓને ધોરણ ૬ થી ૮ ની મંજૂર થયેલ મહેકમની ખાલી જગ્યા પર સરભર કરી સમાવી શકાય તેવા પ્રકારના વધ વાળા શિક્ષકને <u>વિભાગ સંખ્યાધિક</u> શિક્ષક કહેવાશે.<br><br>(૨) ધોરણ ૬ થી ૮ નાં વિષય મુજબ મંજૂર થયેલ મહેકમ કરતા કામ કરતા વધારાના શિક્ષકોની સંખ્યા જિલ્લાના કુલ મંજૂર શિક્ષક મહેકમ કરતા વધારે ના હોય અને જેઓને ૬ થી ૮ ના અન્ય વિષયના મંજૂર થયેલ મહેકમની ખાલી જગ્યા પર કે ધોરણ ૧ થી ૫ ની મંજૂર થયેલ મહેકમની ખાલી જગ્યા પર સરભર કરી સમાવી શકાય તેવા પ્રકારની વધ વાળા શિક્ષકોને વિષય/વિભાગ સંખ્યાધિક શિક્ષક ગણવાના રહેશે. |
| | **પ્રકરણ-E** |
| બદલીમાં અગ્રતા :- | |
| | **(અ) જિલ્લા આંતરિક / જિલ્લાફેર બદલીમાં અગ્રતા સંદર્ભે નીચે મુજબની ક્રમશઃ અગ્રતા** |

| | |
|---|---|
| | આપવાની રહેશે.<br>(૧) વિધવા/વિધુર<br>(૨) દિવ્યાંગ<br>(૩) પ્રાથમિક શિક્ષક દંપતી<br>(૪) સરકારી નોકરી કરતા દંપતી(જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય)<br>(૫) શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક પતિ/પત્ની(જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય)<br>(૬) વાલ્મિકી<br><br>(બ) અગ્રતાનો લાભ સમગ્ર નોકરી દરમિયાન જિલ્લામાં આંતરિક માંગણી બદલીમાં એક વાર અને જિલ્લા ફેર માંગણી બદલીમાં એક વાર મેળવી શકાશે અને, **અગ્રતા કેટેગરીમાંથી કોઇ પણ એક જ કેટેગરીનો લાભ મેળવી શકાશે.**<br><br>(ક) વિધવા/વિધુરના કિસ્સામાં પુનઃ લગ્ન કરેલ નથી તે મતલબનું તથા દિવ્યાંગતા, પ્રાથમિક શિક્ષક દંપતી, સરકારી નોકરી કરતા દંપતી, શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક દંપતી તથા વાલ્મિકીના કિસ્સામાં અગાઉ અન્ય કોઇ પણ પ્રકારની બદલીમાં અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનુ સ્વઘોષણા(Self Declaration) ફોર્મ રજૂ કરવાનું રહેશે. દંપતીના કિસ્સામાં લગ્ન નોંધણી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અગ્રતાનો લાભ મેળવ્યા અંગેની નોંધ સંબંધિત વિદ્યાસહાયક/શિક્ષકની સેવાપોથીમાં કરવાની રહેશે. પુરાવાના અભાવે ઉકત (૧) થી (૬) માં દર્શાવેલ કેટેગરી માટે અગ્રતાનો લાભ મળવાપાત્ર રહેશે નહી. |
| (૧) | <u>વિધવા/વિધુર :-</u><br>બદલી કરવાના સમયે વિધવા/વિધુર હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષકને અગ્રતા મેળવવા માટેના કિસ્સામાં નોકરીમાં લાગ્યા પહેલા કે નોકરીમાં લાગ્યા પછી વિધવા/વિધુર થયેલ કર્મચારીનો સમાવેશ થશે. જેઓએ વિધવા/વિધુર હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ તથા પતિ/પત્નીના મરણનો દાખલો રજૂ કરવાનો રહેશે. |
| (૨) | <u>દિવ્યાંગતા :-</u><br>દિવ્યાંગતાની અગ્રતા મેળવવા માટે દિવ્યાંગ વિદ્યાસહાયક/શિક્ષકએ બદલીના સમયે |

| | |
|---|---|
| | દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું સિવીલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને ૪૦% કરતાં ઓછી દિવ્યાંગતા ધરાવનાર વિદ્યાસહાયક/શિક્ષકને આ અગ્રતાનો લાભ મળશે નહી. |
| (૩) | <u>પ્રાથમિક શિક્ષક દંપતી :-</u><br>શિક્ષક દંપતીની અગ્રતા મેળવવા માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમા વિદ્યાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા તથા પતિ/પત્ની જે શાળામાં નોકરી કરતાં હોય તે શાળાના મુખ્યશિક્ષકશ્રીએ આપેલ આ સાથે **પરિશિષ્ટ-૧માં** દર્શાવેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવાનું રહેશે. મુખ્ય શિક્ષકે આવું પ્રમાણપત્ર સત્વરે આપવાનું રહેશે. |
| (૪) | **<u>સરકારી નોકરી કરતા દંપતી</u> (જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય) :-**<br>સરકારી નોકરી કરતાં દંપતીની અગ્રતા મેળવવા માટે ગુજરાત સરકારની કે પંચાયત સેવાની કે કેન્દ્ર સરકારની સેવાઓમાં તથા ગુજરાત સરકાર/કેન્દ્ર સરકાર સ્થાપિત તથા સંચાલિત બોર્ડ/નગરપાલિકા/મહાનગરપાલિકા/નિગમ/જાહેર સાહસની કંપની/રાષ્ટ્રીયકૃત બેન્ક/જાહેર સાહસોની કચેરીઓમાં ફરજ બજાવતાં હોય અને જેમણે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારની જે તે ખાતા/વિભાગમાં માન્ય ભરતી પદ્ધતિથી નિમાયેલ (જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય) અને તે ખાતામાં/સેવામાં ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય અને તેમના પતિ/પત્ની જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી રજિસ્ટ્રારશ્રીએ આપેલ લગ્ન પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે તથા બદલી માંગનારના પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ આપેલ આ સાથે <u>પરિશિષ્ટ-૧</u>માં દર્શાવેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવાનું રહેશે.<br><br>સરકારી કર્મચારીની કચેરી ગુજરાત સરકારની કે પંચાયત સેવાની કે કેન્દ્ર સરકારની છે કે રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત બોર્ડ/નગરપાલિકા /મહાનગરપાલિકા /રાષ્ટ્રીયકૃત બેન્ક/ જાહેર સાહસની કંપની/જાહેર સાહસોની કચેરી છે તેની સાબિતી માટે જે કાયદા/જાહેરનામા/ઠરાવથી સદર બોર્ડ/નગરપાલિકા/મહાનગરપાલિકા /જાહેર સાહસની કંપની/ રાષ્ટ્રીયકૃત બેન્ક/ જાહેર સાહસોની કચેરીની સ્થાપના/સંચાલન કરવામાં આવતું હોય તેનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવાનું રહેશે. |
| (૫) | **<u>શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતાં કર્મચારીના વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક પતિ/પત્ની</u>** |

| | |
|---|---|
| | ઃ (જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય)<br>શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતાં કર્મચારીના વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક પતિ/પત્નીને અગ્રતા મેળવવા માટે ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકારનું અનુદાન કે સહાયક અનુદાન મેળવતી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આશ્રમશાળાઓ, અધ્યાપન મંદિરો, કોલેજો, યુનિવર્સિટી કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં માન્ય ભરતી પદ્ધતિથી નિમાયેલ હોય અને જેમણે ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય અને તેમના પતિ/પત્ની જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી રજિસ્ટ્રારશ્રીએ આપેલ લગ્ન પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે તથા અરજદારના પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ આપેલ આ સાથે <u>પરિશિષ્ટ</u>-૧ માં દર્શાવેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવાનું રહેશે.<br>શૈક્ષણિક અનુદાનિત સંસ્થા, પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આશ્રમશાળાઓ, અધ્યાપન મંદિરો, કોલેજો, યુનિવર્સીટીઓ કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ કે જે ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકારનું અનુદાન કે સહાયક અનુદાન મેળવે છે તેની સાબિતી માટે જે કાયદા/ જાહેરનામા/ઠરાવથી નકકી કરવામાં આવેલ હોય તેનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજૂ કરવાનું રહેશે. |
| (૬) | <u>વાલ્મિકી :-</u><br>વાલ્મિકીની અગ્રતા મેળવવા માટે વાલ્મિકી વિદ્યાસહાયક/શિક્ષકએ વાલ્મિકી હોવા બાબતનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેના આધારે અગ્રતા આપવામા આવશે. |

**પ્રકરણ-F**

**બદલી સમયે છૂટા કરવાની કાર્યપદ્ધતિ :-**

| | |
|---|---|
| (૧) | તમામ પ્રકારની જિલ્લા આંતરિક અને જિલ્લાફેર બદલી મેળવેલ વિદ્યાસહાયક/શિક્ષકોને શાળામાંથી છૂટા કરતી વખતે શાળામાં ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ અલગ અલગ એકમ ગણવાનું રહેશે. ત્યારબાદ શાળાના અલગ અલગ એકમમાં ૫૦% મહેકમ જળવાતુ હોય તો વિદ્યાસહાયક/શિક્ષકોને સૌ પ્રથમ છૂટા કરવાના રહેશે અને આવી રીતે છૂટા કરાયેલ વિદ્યાસહાયક/શિક્ષકની જગ્યાએ અન્ય શિક્ષક ન આવે ત્યાં સુધી પ્રવર્તમાન જોગવાઇ મુજબ પ્રવાસી/જ્ઞાન સહાયક શિક્ષકોથી ખાલી જગ્યા ભરવાની રહેશે. |

| | |
|---|---|
| (૨) | વધથી બદલી થયેલ વિદ્યાસહાયક/શિક્ષકને કાર્ય દિન-૫માં ફરજિયાત છૂટા કરવાની જવાબદારી જે તે મુખ્ય શિક્ષકની રહેશે. તે સિવાયની બદલીઓમાં શાળાનું વિભાગવાર(ધો.૧ થી ૫ તથા ૬ થી ૮ (અલગ-અલગ) ૫૦% મહેકમ જળવાતું હોય તે રીતે કાર્યદિન-૭ માં ફરજિયાત શાળા/તાલુકા/જિલ્લા કક્ષાએથી છૂટા કરવાના રહેશે તથા વિદ્યાસહાયક/ શિક્ષકમાંથી સૌથી પહેલા શ્રેયાન(Senior) શિક્ષકને છૂટા કરવાનાં રહેશે. એટલે કે બદલી પામનાર શિક્ષક જે શાળામાંથી બદલી પામે છે તે શાળાની દાખલ તારીખના આધારે પ્રવરતા (સિનીયોરીટી) નક્કી કરવાની રહેશે. આ સૂચનાનો અમલ થાય તે જોવાની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે. |
| (૩) | તમામ પ્રકારની જિલ્લા આંતરિક માંગણીની બદલીમાં છૂટા થવા માટે ૫૦% મહેકમ જળવાય તે જોવાની જવાબદારી સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકની રહેશે અને જિલ્લાફેર બદલીના કિસ્સામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીની રહેશે. |
| (૪) | ત્યારબાદ ઉભી થયેલી ઘટ માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પ્રવાસી/જ્ઞાનસહાયક શિક્ષકથી ખાલી જગ્યા ભરવા માટેની જાણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવાની રહેશે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પ્રવાસી/જ્ઞાનસહાયક શિક્ષકથી સત્વરે ખાલી જગ્યા પુરાય તેમ કરવાનું રહેશે. |
| (૫) | આ સૂચનાઓ હોવા છતાં વિદ્યાસહાયક/શિક્ષક વહીવટી કારણોસર કે શિક્ષક ઘટ સિવાય મોડા છૂટા થશે કે મોડા છૂટા કરવામાં આવશે તો આવા વિદ્યાસહાયક/ શિક્ષક સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે. **અને સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકની જવાબદારી નકકી કરી શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે. આવી ઘટના ધ્યાને આવ્યેથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સત્વરે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને અહેવાલ કરવાનો રહેશે.** |
| | પ્રકરણઃ-G |
| સામાન્ય સૂચનાઓ:-(General Instructions) | |
| (૧) | નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ તરફથી સુચના મળે ત્યારે તમામ પ્રકારની બદલી સામાન્ય સંજોગોમાં નીચેના ક્રમમાં કરવાની રહેશે.<br>બદલી કેમ્પ યોજવાનો ક્રમઃ<br>(૧) વધ-ઘટ બદલી કેમ્પ<br>(૨) જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>(3) જિલ્લા વિભાજન અન્વયે કરવાનાં થતા કેમ્પ (જરૂર જણાયે)<br>(૪) જિલ્લા આંતરિક/ જિલ્લાફેર અરસ-પરસ બદલી કેમ્પ<br>(૫) જિલ્લાફેર બદલી કેમ્પ |

| | |
|---|---|
| | (૬) જિલ્લા સંખ્યાધિક વધપરત કેમ્પ(બીજા સત્રાંતે નિવૃત્તિની ખાલી જગ્યા પર) |
| (૨) | કોઇ પણ વિદ્યાસહાયક/શિક્ષકને જિલ્લાફેરની કોઈ પણ પ્રકારની બદલીઓમાથી (જિલ્લા વિભાજન સિવાય) બદલી માટેની તક (વિધવા વિધુર સિવાય) પોતાની નોકરીના કાર્યકાળ દરમિયાન એક જ વખત મળવાપાત્ર થશે. એટલે કે વિદ્યાસહાયક/શિક્ષક સમગ્ર નોકરી દરમિયાન માત્ર એક જ વખત જિલ્લા/નગર શિક્ષણ સમિતિ બદલી શકશે. આ ઠરાવ બહાર પડતા પહેલા જિલ્લાફેરની કોઇ પણ પ્રકારની બદલીઓમાથી કોઈ એક બદલીનો લાભ મેળવેલ હશે, તેઓને એક તક મળી ગયેલ ગણાશે અને તેઓ જિલ્લાફેર બદલી માટે અરજી કરી શકશે નહી. |
| (૩) | વંચાણે લીધેલ ક્રમ-૧ અને ક્રમ-૨ ના ઠરાવની જોગવાઇ મુજબ દસ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરવાની શરતે જે વિદ્યાસહાયકોને નિમણૂક આપવામાં આવેલ છે આવા વિદ્યાસહાયકો કપાત પગારી રજાઓ(Leave Without Pay) બાદ કર્યા પછી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરે તેઓ જિલ્લા ફેરબદલી અને જિલ્લાફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકશે. પરંતુ આવા શિક્ષક/ વિદ્યાસહાયક જિલ્લા આંતરિક બદલીમાં ભાગ લઇ શકશે નહી. |
| (૪) | વિદ્યાસહાયક/શિક્ષકને સમગ્ર નોકરી દરમિયાન એક વખત આંતરિક અરસ-પરસ માંગણી બદલીનો અને એક વખત જિલ્લાફેર અરસ-પરસ માંગણી બદલીનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ અન્ય કોઈ પણ પ્રકારની બદલીથી જો જિલ્લા/નગર શિક્ષણ સમિતિ બદલવા જિલ્લાફેર બદલીનો લાભ લીધેલ હશે તો જિલ્લાફેર અરસ-પરસ માંગણી બદલીનો લાભ મળવાપાત્ર થશે નહી. આ ઠરાવ થતાં પહેલા ઉકત મુજબની કોઇ પણ પ્રકારનો લાભ મેળવેલ હશે તેઓને ફરી લાભ મળવાપાત્ર થશે નહી.<br>જિલ્લા વિભાજનનો લાભ મેળવેલ શિક્ષક જે જિલ્લામાંથી વિભાજન થતા અન્ય જિલ્લાનો વિકલ્પ આપી જોડાયેલ છે તે શિક્ષકે જે જિલ્લામાંથી વિકલ્પ આપ્યો હોય તે જિલ્લામાં જિલ્લા અરસ પરસ કે જિલ્લાફેર બદલીની માંગણી કરી શકશે નહી. |
| (૫) | વિધવા/વિધુર, દિવ્યાંગતા, તમામ પ્રકારના દંપતી કેસ, વાલ્મિકી અગ્રતાનો લાભ સમગ્ર નોકરી દરમિયાન એક વાર આંતરિક બદલીમાં અને એક વાર જિલ્લાફેર બદલીમા મળવાપાત્ર થશે. ખાસ કિસ્સાની તબીબી કારણોસર, રાષ્ટ્રીય/રાજય સુરક્ષા ધારા હેઠળ કે બિનબદલી પાત્રના કિસ્સાના લાભ સમગ્ર નોકરી દરમિયાન એક જ વખત મળવાપાત્ર રહેશે. આ ઠરાવની તારીખ પહેલા જેઓએ આનો લાભ લીધો હશે, તેઓને આ લાભ મળવાપાત્ર રહેશે નહી. ભરતી દરમિયાન સ્થળ/જિલ્લા પસંદગીમા અગ્રતાનો લાભ લીધેલ હોય તો બદલીમા અગ્રતાનો લાભ મળવાપાત્ર રહેશે નહી. પરંતુ જિલ્લા વિભાજનની પરિસ્થિતિમાં ઉપરોકત અગ્રતાનો લાભ લીધો હોવા છતાં એક વાર આપી શકાશે. |

| | |
|---|---|
| | શિક્ષકે બદલીમાં એક વખત અગ્રતાનો લાભ લીધેલ હશે તે પછી જો વિધવા કે વિધુર થાય તો પણ આંતરિક અને જિલ્લાફેર બદલીમાં વિધવા/વિધુર તરીકેની અગ્રતાનો ફરી એક વખત લાભ મળશે. |
| (૬) | વિદ્યાસહાયક/શિક્ષકની થયેલ બદલી બાબતની નોધ, તેમણે લીધેલ અગ્રતાના લાભની નોધ તથા વર્ષ દરમિયાન સેવાપોથીમાં કરવાની થતી તમામ નોંધ દરેક વિદ્યાસહાયક/શિક્ષકની સેવાપોથીમાં દર વર્ષની ૨૫ જૂન પહેલા નોધ કરવાની સબંધિત તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/પગારકેન્દ્ર શાળાના મુખ્યશિક્ષક/શાળાના મુખ્યશિક્ષકની જવાબદારી રહેશે.<br>દર વર્ષની ૩૦ જૂનના અંતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના તાલુકાના તમામ વિદ્યાસહાયકો/ શિક્ષકોની સેવાપોથીમાં કરવાની થતી તમામ નોંધો પૂર્ણ કરેલ છે અને એક પણ સેવાપોથીમાં કોઇ પણ પ્રકારની નોંધ બાકી નથી તે મતલબનું પ્રમાણપત્ર જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપવાનું રહેશે તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીએ પોતાના જિલ્લાનું પ્રમાણપત્ર સેટઅપ રજિસ્ટર સાથે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને આપવાનું રહેશે. |
| (૭) | આ ઠરાવની તારીખ પહેલાં અગાઉ જિલ્લા/તાલુકા વિભાજન હેઠળ આપેલ વિકલ્પ અન્વયે બનાવવામાં આવેલ વિકલ્પ રજિસ્ટર યથાવત રાખવાના રહેશે તથા જિલ્લાફેર બદલી અંગે ધોરણ-૧ થી ૫ માટે અલગ રજિસ્ટર અને ધોરણ-૬ થી ૮ માટે ત્રણેય વિષયવાર અલગ અલગ રજિસ્ટર નિભાવવના રહેશે.) જે શિક્ષકોએ અગાઉ ધોરણ-૧ થી ૫ માટે જિલ્લાફેર અરજી કરેલ હોય અને સંદર્ભ ક્રમાંક-૪ આગળ દર્શાવેલ ઠરાવ પ્રસિધ્ધ થયા પહેલા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિકલ્પ સ્વીકારેલ હોય અને તે પોતે જે જિલ્લામાં અરજી કરેલ હોય તે જિલ્લાને તે અંગેની જાણ કરેલ હોય તેવા કિસ્સામાં તેવા શિક્ષકની ધોરણ-૧ થી ૫ ની પ્રવરતા(Seniority) યાદીમાંથી અરજી રદ્દ કરી ધોરણ-૬ થી ૮ માં તેઓના વિષયના રજિસ્ટરમાં તે અરજી તબદીલ કરવાની રહેશે પરંતુ આવા કિસ્સામાં તેઓની અરજીની પ્રવરતા(Seniority) તેઓએ ધોરણ-૧ થી ૫ માં જિલ્લાફેર બદલીની અરજી જે વર્ષે કરેલ હોય તે વર્ષથી ગણી તે સ્થાને આવી અરજી અધતન(Update) કરવાની રહેશે. ઉપરાંત, વિધવા/વિધુર, દંપતી, દિવ્યાંગની અગ્રતાનો લાભ મળી શકે તેવી પરિસ્થિતિ ઉભી થઈ હોય તો તે અંગેના સદર ઠરાવમાં દર્શાવેલ આધાર રજૂ કર્યેથી જે તે કેટેગરીમાં અરજી તબદીલ થઈ શકશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનો ફેરફાર હાલના રજિસ્ટરમાં કરી શકાશે નહી. |
| (૮) | તમામ પ્રકારની બદલીના સમર્થનમાં વિદ્યાસહાયક/શિક્ષક રજૂ કરેલ અગ્રતાના આધાર-પુરાવા સહિત તમામ પુરાવાઓની ખરાઇ કરવાની જવાબદારી જે તે શાળાના/પગારકેન્દ્રનાં આચાર્યની તથા સબંધિત તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે. પરંતુ તાલુકા પ્રાથમિક |

| | |
|---|---|
| | શિક્ષણાધિકારીએ પોતાને જે પુરાવા શંકાસ્પદ લાગતા હોય અથવા તે પુરાવાને માન્ય ગણવા અંગે પોતે સ્પષ્ટ ન હોય તેવા સંજોગોમાં સ્પષ્ટ કારણો સહિતની અરજી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવાની રહેશે. પરંતુ આવી કોઇ પણ અરજી રદબાતલ ગણવાની સત્તા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને રહેશે નહી. |
| (૯) | (અ) જિલ્લા આંતરિક માંગણી બદલી/જિલ્લા આંતરિક અરસપરસ માંગણી બદલીની અરજી કરતી વખતે વિદ્યા સહાયક/ શિક્ષક તેઓની હાલની શાળામાં ઓછામાં ઓછી 3 (ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઈશે અને જે શિક્ષકોએ વિકલ્પ આપી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કામગીરી સંભાળેલ છે તેવા શિક્ષકોના કિસ્સામાં પ્રકરણ-(D)(9)(A) મુજબની મૂળ શાળાની દાખલ તારીખથી જિલ્લા આંતરિક બદલી/આંતરિક અરસ-પરસ માંગણીના કિસ્સામાં ત્રણ વર્ષની નોકરી પુર્ણ કરેલ હોવી જોઈશે.<br>(બ) જિલ્લાફેર માંગણી બદલી/જિલ્લાફેર અરસપરસ માંગણી બદલીની અરજી કરતી વખતે શિક્ષકએ તેઓના મૂળ જિલ્લામાં ઓછામાં ઓછી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરેલી હોવી જોઇશે.<br>(ક) 3 (ત્રણ)/૫(પાંચ) વર્ષની ગણતરી કરતાં જો વિદ્યાસહાયક/શિક્ષકએ તે સમયગાળા દરમિયાન કપાત પગારી રજા ભોગવેલ હોય તો તેવી રજાઓનો સમયગાળો બાદ કરીને ચોખ્ખી 3 (ત્રણ)/૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ થાય તો જ અરજી કરી શકશે. |
| (૧૦) | તમામ પ્રકારની બદલીની પ્રક્રિયાના કોઇપણ પગલે વિદ્યાસહાયક/શિક્ષકને એસ.એમ.એસ. કે ઇ-મેઇલ જેવા ઇલેક્ટ્રોનિક માધ્યમથી પહોંચાડવામાં આવેલ કોઇ પણ પ્રકારની સુચના, માહિતી, સંદેશ, હુકમ એ માન્ય પધ્ધતિથી કરવામાં આવેલ પત્રવ્યવહાર ગણવામાં આવશે. |
| (૧૧) | વિદ્યાસહાયક/શિક્ષકના પક્ષે ઇન્ટરનેટની ક્ષતિ અથવા કોઇ ટેકનિકલ કારણોસર મોકલેલ સંદેશો મોડો પહોંચવા અંગેની રજૂઆત કરી તેઓના કેસ સમયમર્યાદા પુન: વિચારણા લેવાની રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહી. તેમ છતાં કેસના ગુણદોષના આધારે સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવશે. |
| (૧૨) | કેટલાક કિસ્સાઓમાં રાજયની પ્રાથમિક શાળાઓમાં કોઇ પણ કારણોસર શાળામાં શિક્ષકની સંખ્યા શૂન્ય થાય કે જે તે શાળામાં કામ કરતાં શિક્ષકોના ૫૦% કે તેથી વધુ વિદ્યાસહાયક/ શિક્ષકોની બદલી કરવામાં આવે તેવા સંજોગોમાં તે શાળાના બાળકોના શૈક્ષણિક કાર્યને વિપરીત અસર ન પડે તે ધ્યાને લઇ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સૌપ્રથમ જે તે વિભાગ/ વિષયના વિદ્યાસહાયક/શિક્ષક વધ હોય એ શાળાના પગારકેન્દ્રની શાળા કે તાલુકાની અન્ય શાળામાં તે જ વિભાગ/વિષયના વધ હોય તેવા શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની લેખિતમાં પૂર્વ મંજુરી લઇ કામગીરીથી બદલવાના રહેશે તથા જયારે પણ વધ-ઘટ કેમ્પ |

| | |
|---|---|
| | યોજાય ત્યારે આવા વિદ્યાસહાયક/શિક્ષકોને વધ કેમ્પમાં બોલાવવાના રહેશે. જો વધ ના હોય તો શકય હોય ત્યાં સુધી આવી શાળા જે પગારકેન્દ્રમાં આવેલ હોય તે જ પગારકેન્દ્રની શાળાઓમાંથી કે તે જ તાલુકામાંની શાળાઓમાંથી પ્રત્યેક શાળા દીઠ વધુમાં વધુ એક શિક્ષકને આવી શાળામાં કામગીરી ફેરફારથી હુકમ કરવાનો રહેશે. પરંતુ આ રીતનો કામગીરી ફેરફાર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પોતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની લેખિતમાં પૂર્વ મંજૂરી લઇ કરી શકશે, ત્યારબાદ આ સમય દરમિયાન સદર જગ્યાઓ પ્રવાસી/જ્ઞાનસહાયક શિક્ષકથી ભરવાની કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ આગામી કેમ્પમાં જે શાળામાંથી વહીવટી બદલી કરેલ હોય તે શાળાની ખાલી જગ્યાઓ અચુક દર્શાવવાની રહેશે. આવી જગ્યાઓ પર પ્રવાસી/જ્ઞાનસહાયક શિક્ષક ભરતી/બદલી કેમ્પમાં જેટલા શિક્ષકો સદર શાળાની જગ્યા પર હાજર થાય તેટલા પ્રમાણમાં કામગીરી ફેરફારથી મુકેલા શિક્ષકોને પોતાની મૂળ શાળામાં પરત કરવાના રહેશે. કામગીરી ફેરફારથી શિક્ષકો મુકતી વખતે ધોરણ-૧ થી ૫ માટે ધોરણ-૧ થી ૫ ની લાયકાત ધરાવતાં શિક્ષકો તથા ધોરણ-૬ થી ૮ ની સામે ધોરણ-૬ થી ૮ ની લાયકાત ધરાવતાં વિષય શિક્ષકોને જ મુકવાના રહેશે. નગર શિક્ષણ સમિતિના કિસ્સામાં શાસનાધિકારીને આ સત્તા રહેશે. |
| (૧૩) | કોઇ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર વિદ્યાસહાયક/શિક્ષક પુખ્ત ઉમર અને પુરતી સમજણ ધરાવતાં હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોય એક વાર ઓનલાઇન/ઓફલાઈન માંગણીથી પસંદ કરેલ જિલ્લો/શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી તથા આ ઠરાવ પ્રસિધ્ધ થયા પહેલાં લીધેલ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ-૬ થી ૮) નો વિકલ્પ અને હુકમથી પસંદ કરેલ શાળા પણ રદ થઇ શકશે નહી. |
| (૧૪) | કોઇ પણ પ્રકારની બદલી માટે વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા કોઇ પણ જાતના બનાવટી આધાર-પુરાવા કે કોઇ પણ પ્રકારની બનાવટી/ખોટી માહિતી આપવામાં આવશે કે બનાવટી હુકમ (Order) બનાવવામાં આવશે તો બનાવટી હુકમ રજૂ કરનાર/ખોટી માહિતી આપનાર વિદ્યાસહાયક/ શિક્ષક વિરૂધ્ધ સબંધિત શાળા/તાલુકાના અનુક્રમે મુખ્યશિક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તત્કાલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની રહેશે અને મુખ્ય શિક્ષકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને રિપોર્ટ કરવાનો રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને વિગતવાર પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે અહેવાલ રજૂ કરવાનો રહેશે તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સબંધિત વિદ્યાસહાયક/શિક્ષક વિરૂધ્ધ "ગુજરાત પંચાયત સેવા(શિસ્ત અને અપીલ) નિયમો-1997 હેઠળ ખાતાકીય, શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે. તેમજ આવા વિદ્યાસહાયક/ શિક્ષક આગામી ૧૦(દશ) વર્ષ સુધી જિલ્લા આંતરિક કે જિલ્લાફેરના કેમ્પમાં ભાગ લઇ શકશે નહી. જેની નોંધ મજકુર કર્મચારીની |

| | |
|---|---|
| | સેવાપોથીમાં કરવાની રહેશે. |
| (૧૫) | જિલ્લા આંતરિક અને જિલ્લાફેર બદલીમાં બદલી માંગણી માટે બિનપગારી રજા(Leave Without Pay)નું પ્રમાણપત્ર સબંધિત શાળાના મુખ્યશિક્ષક/પગારકેન્દ્ર શાળાના મુખ્યશિક્ષક/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની સંયુકત સહીવાળું રજૂ કરવાનું રહેશે. નિયમોનુસાર મળતી પ્રસૂતિ સબબની રજાઓ સિવાયની ભોગવેલ કપાત પગારની રજાઓ બાદ કરીને બદલી માટેની નોકરીની લંબાઈ નકકી કરવાની રહેશે. |
| (૧૬) | બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર(બી.આર.સી)/કલસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર (સી.આર.સી)/અર્બન રીસોર્સ કો-ઓર્ડિનેટર(યુ.આર.સી.) કે અન્ય રીતે પ્રતિનિયુક્તિથી અન્ય જગ્યાએ ફરજ બજાવનાર વિદ્યાસહાયક/શિક્ષક તમામ પ્રકારની માંગણીની બદલીઓમાં ભાગ લઇ શકશે પરંતુ તેમના હુકમ થયેથી પ્રતિનિયુક્તિ આપોઆપ રદ ગણાશે તથા જે શાળામાંથી બી.આર.સી /સી.આર.સી/યુ.આર.સી. બનેલ છે તે શાળામાં પરત હાજર થઈને ત્યારબાદ ૭ દિવસમાં છૂટા થવાનું રહેશે. |
| (૧૭) | આ સમગ્ર બદલી ઠરાવમાં જિલ્લા શિક્ષણ સમિતિમાં જે કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરવાની છે તે મુજબની કાર્યવાહી મહાનગર/નગર પાલિકા વિસ્તારમાં નગર શિક્ષણ સમિતિમાં શાસનાધિકારીએ કરવાની રહેશે. |
| (૧૮) | સંખ્યાધિક વિદ્યાસહાયક/શિક્ષકને અન્ય વિષય/વિભાગમાં કે અન્ય જિલ્લામાં હંગામી કામગીરી આદેશથી સમાવવામાં આવ્યા હોય ત્યારે તેઓનું વર્ષવાર રજિસ્ટર નિભાવવાનું રહેશે. જેમ જેમ જિલ્લામાં તેમના વિષય/વિભાગની જગ્યાઓમાં વધ પરત કેમ્પમાં સમાવવામાં આવે ત્યારે તેઓને પોતાના વિષય/વિભાગમાં વધ પરત કર્યા અંગેનો હુકમ કરવાનો રહેશે. અને આવાં કર્મચારીઓએ પોતાની જગ્યા પર હાજર થવાનું રહેશે. જેની નોંધ આ અંગેના રજિસ્ટરમાં કરવાની રહેશે. |
| (૧૯) | વધ-ઘટ બદલી તથા મૂળ શાળા/તાલુકા/જિલ્લા વધ પરત અને વિભાગ/વિષયમાં સરભર કેમ્પ માત્ર જાહેર કેમ્પ દ્વારા પારદર્શક પધ્ધતિથી જ કરવાના રહેશે તથા તેનું સફળ વિડિયો રેકોર્ડીંગ કરી આવાં વિડિયો રેકોર્ડીંગની જાળવણી આગામી કેમ્પ સુધી જ કરવાની રહેશે. |
| (૨૦) | વહીવટી કારણોસરની બદલી સિવાય તથા આ ઠરાવના અન્ય કોઇપણ પ્રકરણમાં જોગવાઇ ન કરવામાં આવેલ હોય તેવી તમામ પ્રકારની જિલ્લા આંતરિક બદલીઓમાં મૂળ શાળામાં(પ્રકરણ (D)(9)(B)) હાજર થવા કરાયેલ હુકમની તારીખ પ્રવરતા(સિનિયોરીટી)ના હેતુ માટે ગણવાની રહેશે. આ ઠરાવ બહાર પાડ્યા પહેલા **જે શિક્ષકોએ ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિકલ્પ લીધેલ છે. અને પ્રથમ વખત જિલ્લા આંતરિક બદલીની માગણી કરે તેવા કિસ્સામાં ધોરણ-૧ થી ૫ માં** |



78

| | |
|---|---|
| | મૂળ શાળા(પ્રકરણ (D)(૧)(A)) માટે હાજર થવા કરાયેલ હુકમની તારીખથી પ્રવરતા (સિનિયોરીટી) ગણવાની રહેશે.<br><br>જયારે બે કે તેથી વધારે કર્મચારીઓની મૂળ શાળા માટે હાજર થવા કરાયેલ હુકમની તારીખ સમાન હોય ત્યારે ખાતામાં દાખલ તારીખ પ્રવરતા(સિનિયોરીટી)ના હેતુ માટે ગણવાની રહેશે. ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને પ્રવર(સિનિયર) ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં આવતાં કર્મચારીને પ્રવર(સિનિયર) ગણવાના રહેશે. |
| (૨૧) | બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર(બી.આર.સી)/કલસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર (સી.આર.સી)/અર્બન રીસોર્સ કો-ઓર્ડિનેટર(યુ.આર.સી.)પ્રતિનિયુક્તી પર ગયેલ અન્ય કર્મચારીઓની તમામ પ્રકારની જિલ્લા આંતરિક બદલીઓમાં પ્રવરતા(સિનિયોરીટી) ગણતાં સમયે પ્રકરણ-(H) ના ક્રમ-૬ અને ૭ માં તેઓ માટે કરેલ જોગવાઇઓ યથાવત રહેશે. |
| (૨૨) | તમામ પ્રકારની જિલ્લા ફેર બદલી/જિલ્લા વિભાજન બદલી માટે સ્થળ પસંદગી આપવાની હોય ત્યારે ખાતામાં દાખલ તારીખને પ્રવરતા(સિનિયોરીટી)ના હેતુ માટે ગણવાની રહેશે. જયારે બે કે તેથી વધારે કર્મચારીઓની ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને પ્રવર(સિનિયર) ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં આવતાં કર્મચારીને પ્રવર(સિનિયર) ગણવાના રહેશે. |
| (૨૩) | કોઇ પણ વિદ્યાસહાયક/શિક્ષક વધ પડી શાળા પંસદ કરે કે વધ પરત થાય ત્યાર બાદ પ્રથમ વખત જિલ્લા આંતરિક બદલીની માગણી, જિલ્લા આંતરિક અરસપરસ બદલીની માગણી કરે ત્યારે તેઓ જે શાળામાંથી પ્રથમ વખત વધ પડયા હોય તે શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને સિનીયોરીટી માટે ધ્યાને લેવાની રહેશે.<br>દા.ત. "A" નામના શિક્ષકને ભરતીથી હાજર થયેલ કે વધ સિવાયની બદલીથી હાજર થયેલ(અ) શાળામાંથી વધ થઇ (બ) શાળામાં સરભર કરવામાં આવે છે અને તેઓ જિલ્લા આંતરિક બદલી કે જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં કોઇ શાળાની માગણી કરે ત્યારે તેઓની(અ) શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને પ્રવરતા(સિનીયોરીટી)ના હેતુ માટે ધ્યાને લેવાની રહેશે. |

| | |
|---|---|
| | પરંતુ "A" નામના શિક્ષકને ભરતીથી હાજર થયેલ કે વધ સિવાયની બદલીથી હાજર થયેલ (અ) શાળામાંથી વધ થઇ (બ) શાળામાં સરભર થાય ત્યાર બાદ વખતોવખત વધ પડી (ક), (ડ), (ઇ)..... શાળામાં વધ સરભર થાય અને તેઓ (ઇ) શાળામાંથી શાળાની માગણી કરે ત્યારે તેઓની ઉત્તરોત્તર વધ સરભર થયા પૂર્વેની એટલે કે (અ) શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને પ્રવરતા(સિનીયોરીટી)ના હેતુ માટે ધ્યાને લેવાની રહેશે અને વધ પરતના કિસ્સામાં (અ) તેમની મૂળ શાળા ગણાશે. (બ), (ક), (ડ) નહિ. |
| (૨૪) | બદલીએ સુચારૂં વહીવટી પ્રક્રિયાનો એક ભાગ હોય તથા કર્મચારીના સેવા વિષયક લાભનો પ્રકાર ન હોય, કોઇપણ વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષકને સદર "ઠરાવ" અનુસાર બદલીનો હક્ક રહેશે નહીં. |
| (૨૫) | શિક્ષણ વિભાગ દ્વારા કોઇ યોજના અથવા વિશિષ્ટ પ્રોજેક્ટ અંતર્ગત જરૂરિયાત ઊભી થયેથી કોઇપણ વિદ્યાસહાયક/શિક્ષકને રાજયની ગમે તે શાળામાં કે શૈક્ષણિક કચેરીમાં પ્રતિનિયુક્તિ પર મૂકી શકશે. પરંતુ આવો પ્રતિનિયુકિતનો ગાળો મહત્તમ ૫(પાંચ) વર્ષથી વધે નહિ તે ધ્યાને લેવાનું રહેશે. આવી પ્રતિનિયુકિતને આ "ઠરાવ"ની કોઇ જોગવાઇ લાગુ પડશે નહિ. અને તેવા હુકમનો અમલ કરવાની સંબંધિત કર્મચારીઓની ફરજ રહેશે. આ પ્રકારના હુકમ માત્ર સરકારશ્રીની પૂર્વમંજૂરીથી ખાસ કિસ્સામાં થઇ શકશે. |
| (૨૬) | શિક્ષકના કિસ્સામાં પ્રકરણ-E ના (બ) માં છૂટછાટ આપી તેઓને નોકરી દરમિયાન એક વખત જિલ્લા ફેરબદલીનો લાભ લીધેલ હોય ત્યાર પછી તેઓ વિધવા/વિધુર થાય તેવા કિસ્સામાં તેઓને વધુ એક વખત જિલ્લા ફેરબદલીની તક મળી શકશે. કર્મચારીની સેવાપોથીમાં આ અંગેની નોંધ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે. |
| (૨૭) | બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર(બી.આર.સી)/કલસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર (સી.આર.સી)/અર્બન રીસોર્સ કો-ઓર્ડિનેટર(યુ.આર.સી.) કે અન્યની પ્રતિનિયુકિતને કારણે થયેલ ખાલી જગ્યા પર વિધાર્થીઓના વિશાળ શૈક્ષણિક હિતને ધ્યાને રાખી તે ખાલી જગ્યાને ચોખ્ખી ખાલી જગ્યા ગણી ભરતી/બદલીમાં દર્શાવવાની રહેશે. પરંતુ ખાલી જગ્યાઓના સામે બદલીના ચાર્ટમાં બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર(બી.આર.સી)/કલસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર (સી.આર.સી)/અર્બન રીસોર્સ કો-ઓર્ડિનેટર(યુ.આર.સી.) કે અન્યની પ્રતિનિયુકિતને કારણે ખાલી જગ્યા- એમ દર્શાવવાનું રહેશે. |
| (૨૮) | જિલ્લા આંતરિક કે જિલ્લાફેર બદલીમાં દંપતિની અગ્રતાનો લાભ મેળવવાના કિસ્સામાં બદલી માગનારના પતિ/પત્નીની કચેરી જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિના હદના વિસ્તારમાં આવેલી હોય તે જ વિસ્તારની સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિની શાળાઓમાં જ અગ્રતાનો લાભ મેળવી શકશે. |



28

| | |
|---|---|
| (૨૯) | આ ઠરાવમાં જ્યાં જ્યાં વિભાગ/વિષયનો ઉલ્લેખ છે તેમાં વિભાગ/વિષય/ માધ્યમ એમ ગણવાનું રહેશે. |
| | **પ્રકરણ-H** |
| **વધ-ઘટ બદલી અને વધ પરત/સરભર બદલી :-** | |
| **(અ)** | **વધ-ઘટ બદલી :-** |
| (૧) | વધ-ઘટ બદલી કેમ્પ અને વધ પરત બદલી કેમ્પ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા સબંધિત તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સમિતિ રહેશે. ૫૦% સભ્યોની હાજરીથી કોરમ થયેલ ગણાશે. વધ થતાં વિદ્યાસહાયક/શિક્ષકએ કેમ્પમાં ફરજીયાત સ્થળ પસંદ કરવાનું રહેશે. વધ બદલી બાબતેના કોઇ પણ વિવાદ થાય અને વિદ્યાસહાયક/શિક્ષક ગેરહાજર રહે કે સ્થળ પસંદ ન કરે તો તેને ગેરહાજર ગણી ઉપલબ્ધ વિભાગ/વિષય મુજબની ખાલી જગ્યા પર સમિતિ યોગ્ય ચકાસણી કરી નકકી કરે તે મુજબ હુકમ કરવામાં આવશે અને તે હુકમ આખરી ગણાશે. |
| (૨) | દરેક વર્ષની ૩૧ જુલાઇ રોજ નિયામકશ્રીએ મંજૂર કરેલ વિદ્યાસહાયક/ શિક્ષક મહેકમ કરતાં શાળામાં વધારાના ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષકની બદલી વધ-ઘટ કેમ્પથી કરવાની રહેશે. આ વધ-ઘટ કેમ્પ સામાન્ય સંજોગોમાં <u>પ્રથમ સત્રમાં</u> યોજવાનો રહેશે. તેમ છતાં સંજોગોને આધિન નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સુચના આખરી ગણાશે. |
| (૩) | પ્રાથમિક વિભાગ(ધોરણ-૧ થી ૫) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળાવાર મંજૂર કરેલ મહેકમ કરતાં વધારાના કામ કરતા અને શાળામાં આ વિભાગમાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/ શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br><br>ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધોરણ-૬ થી ૮) માં શાળાવાર મંજૂર મહેકમ મુજબ વિષય શિક્ષકો(Subject Teachers) જાળવી રાખવાના રહેશે. જે સંજોગોમાં કોઇ એક વિષયમાં ૧(એક) કરતાં વધારે વિદ્યાસહાયક/શિક્ષક કામ કરતાં હોય અને વધની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે પરિશિષ્ટ-ક મુજબ તે વિષયમાં શાળામાં સૌથી જુનિયર વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br><br><u>દા.ત.:-</u> કોઇ શાળામાં ધોરણ-૬ થી ૮ માં અગાઉના વર્ષમાં ૧૩૫ વિદ્યાર્થી સંખ્યા હતી. જે મુજબ શાળામાં <u>આ વિભાગમાં કુલ ૪ શિક્ષકોનું મંજૂર મહેકમ હોય</u>, જેમાં વિષયવાર ૨ ભાષા, ૧ ગણિત-વિજ્ઞાન અને ૧ સામાજિક વિજ્ઞાનનું મહેકમ મંજૂર હતું. |

| | |
|---|---|
| | જેથી શાળામાં ૨ ભાષા શિક્ષક, ૧ ગણિત-વિજ્ઞાન શિક્ષક અને ૧ સામાજિક વિજ્ઞાનના શિક્ષક કામ કરતા હતા.<br>કેમ્પના વર્ષમાં તે શાળામાં ધોરણ-૬ થી ૮ ની વિદ્યાર્થી સંખ્યા ઘટીને ૧૦૨ થાય છે. ત્યારે ૧ શિક્ષકનું મંજૂર મહેકમ ઘટતાં શાળામાં <u>3 શિક્ષકનું મહેકમ મંજૂર થાય છે</u>. તેવા કિસ્સામાં શાળાના ૨ શિક્ષક ભાષા શિક્ષક તરીકે કામ કરતાં હોવાથી ભાષાના ૨ શિક્ષક પૈકી જે તે શાળામાં સૌથી છેલ્લે આવેલ શિક્ષકને વધ ગણવાના રહેશે. પરંતુ ધોરણ-૬ થી ૮ માં વિષય શિક્ષકની વધ નક્કી કરતી વખતે એક જ વિષયમાં અગાઉથી કોઇ વિદ્યાસહાયક/શિક્ષક ફરજ બજાવતાં હોય ત્યાર બાદ તે જ શાળામાંથી ધોરણ-૧ થી ૫ ના વિદ્યાસહાયક/શિક્ષક તે જ શાળામાં ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લીધેલ હોય *અથવા* વિકલ્પ લઇ બીજી શાળામા ગયેલા હોય તેવા કિસ્સામાં વિકલ્પ લીધેલ શિક્ષકને મૂળ શાળાની (પ્રકરણ-D(9)(A)) પ્રવરતા(સીનીયોરીટી)ને ધ્યાને લેવાની રેહશે. પરંતુ માગણી બદલી બાદ વિકલ્પ લીધેલ હોય તો પ્રકરણ-D (9)(B)) મુજબની સિનીયોરીટી ધ્યાને લેવાની રહેશે. |
| (૪) | વધ-ઘટ બદલી માટે વધ નક્કી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/વિષયની જ સ્પષ્ટ વધ નક્કી કરવાની રહેશે અને જે તે વિભાગ/વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની રહેશે.<br>વધ બદલી કેમ્પના હુકમ પછીના ૫(પાંચ) વધ-ઘટ કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/શિક્ષકને પોતાના વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. |
| (૫) | શાળામાં વિભાગ/વિષયવાર વધ નક્કી કરતી વખતે શાળામાં સૌથી છેલ્લા દાખલ થયેલ વિદ્યાસહાયક/શિક્ષક જો રાષ્ટ્રીય/રાજય સુરક્ષા ધારા હેઠળ અને ખાસ કિસ્સાના તબીબી કારણોસરનો લાભ મેળવીને બદલાઇને આવેલ હોય કે ૧૦૦ ટકા અંધત્વ ધરાવતા હોય તેઓને શાળામાં દાખલ તારીખથી ફકત ૩(ત્રણ) વર્ષ સુધી વધ ન ગણતાં તે શાળામાં તેના સિવાય કામ કરતા જે તે વિભાગ/વિષયના છેલ્લે હાજર થયેલ વિદ્યાસહાયક/શિક્ષકને વધ ગણવાના રહેશે. |
| (૬) | ગુજરાત રાજયમાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ રાજયની પ્રાથમિક શાળાના શિક્ષકોને પ્રતિનિયુકિતથી બી.આર.સી/સી.આર.સી/યુ.આર.સી. તરીકે તથા અન્ય જગ્યાએ નિયુકત કરવામાં આવે છે. તેઓને સ્ટેટ પ્રોજેક્ટ કચેરી/જિલ્લા પ્રોજેક્ટ કચેરી તરફથી વિદ્યાસહાયક /શિક્ષકમાં પરત મૂકવામાં આવે કે તેઓની નક્કી કરેલ પ્રતિનિયુકિતનો સમયગાળો પુર્ણ થયેથી |

| | |
|---|---|
| | તેઓને વિદ્યાસહાયક/શિક્ષકમાં પરત મૂકવામાં આવે ત્યારે તેઓ જે શાળામાંથી પ્રતિનિયુકિત પર ગયા હોય તે જ શાળામાં મહેકમ સરભર હોય તો પણ તે જ શાળામાં પરત મૂકવાના રહેશે. તેમ કરતાં જો તે શાળામાં જે તે વિભાગ/વિષયમાં વધ થતી હોય તો તે વધ આગામી વધ-ઘટ કેમ્પમાં બી.આર.સી/સી.આર.સી/યુ.આર.સી. કે અન્યનો પ્રતિનિયુકિતનો સમયગાળો તેઓએ તે જ શાળામાં નોકરી કરી હોય તે રીતે ગણવાનો રહેશે એટલે કે જે શાળામાં પરત મૂકવામાં આવ્યા છે તે શાળામાં પ્રતિનિયુકિત પૂર્વેની હાજર તારીખ ગણી વધ દુર કરવાની રહેશે તથા તમામ પ્રકારની બદલી માટે મૂળશાળાની પ્રવરતા(સિનિયોરીટી) ગણવાની રહેશે. આ ઠરાવ અગાઉ જે કોઇ સી.આર.સી./ બી.આર.સી./ યુ.આર.સી. ને પ્રતિનિયુક્તિ પુરી થયેથી પોતાની પ્રતિનિયુક્તિ જે શાળામાંથી થઇ હતી તે શાળા સિવાયની અન્ય શાળા/તાલુકાની શાળામાં સમાવવામાં આવ્યા હોય તેવા સી.આર.સી./બી.આર.સી./ યુ.આર.સી. ને વધના શિક્ષક તરીકે ગણવા. |
| (૭) | બી.આર.સી/સી.આર.સી/યુ.આર.સી. કોઇ પણ કારણોસર રાજીનામું આપી પ્રતિનિયુકિત ઉપરથી વિદ્યાસહાયક/શિક્ષકમાં પરત આવે તેવા કિસ્સામાં ઉપરના ક્રમ-(૬) મુજબની જોગવાઇનો અમલ કરવાનો રહેશે.<br>ડિસ્ટ્રીકટ પ્રોજેકટ કો-ઓર્ડિનેટર(ડી.પી.સી.) દ્વારા બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર(બી.આર.સી) /કલસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર (સી.આર.સી)/અર્બન રીસોર્સ કો-ઓર્ડિનેટર(યુ.આર.સી.) સામેની કોઇપણ પ્રકારની ફરીયાદ/ રજૂઆતમાં તપાસને અંતે કસૂરવાર/દોષીત ઠરે તેમજ નૈતિક અધઃપતન, ગુન્હાઓ, પોલીસ કેસ, અંગત ગુનામાં ડી.પી.સી. કક્ષાએથી પ્રતિનિયુક્તિ રદ કરવામાં આવે તો તેઓને પ્રતિનિયુક્તિ પૂર્વની પોતાની શાળામાં જ પરત મૂકવાના રહેશે. પરંતુ આવા કિસ્સામાં પ્રતિનિયુક્તિ રદ્દ કર્યાના હુકમ બાદ પોતાની શાળામાં ફરી હાજર થયાની તારીખને જ તમામ પ્રકારની બદલીઓ માટે શાળામાં હાજર તારીખ ગણવાની રહેશે. |
| (૮) | ફરજમોકૂફ થયેલ વિદ્યાસહાયક/શિક્ષકને ફરજમોકૂફીના કારણે તેની શાળા બદલેલ હોય તો જો તે તપાસ/કેસમાં નિર્દોષ ઠરે તથા ફરજ મોકૂફીનો સમયગાળો વિનિયમિત કરવામાં આવેલ હોય તો તેને જે શાળામાથી ફરજમોકૂફી પર મોકલેલ હોય તે જ શાળામાં મહેકમ સરભર હોય તો પણ પરત મુકવાના રહેશે અને તેમની સિનીયોરીટી ફરજમોકૂફી પૂર્વની શાળાની હાજર તારીખ ગણવાની રહેશે અને જો દોષિત ઠરે/તપાસ કેસ ચાલુ/પડતર/આખરી નિર્ણય થાય ત્યાં સુધી ફરજ મોકૂફીનો સમયગાળો વિનિયમિત કરવામાં ન આવે ત્યાં સુધી પુનઃ સ્થાપિત કરવા કરાયેલ હુકમની તારીખ સિનીયોરીટી માટે ગણવાની રહેશે. પરંતુ જે કર્મચારી ફરજમોકૂફી પર હોય તે કોઈપણ કેમ્પમાં ભાગ લઈ શકશે નહીં. |
| (૯) | મંજૂર થયેલ મહેકમ મુજબ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ જો વધ-ઘટ કેમ્પ નકકી કરે તે કેમ્પના |



૨૪

| | |
|---|---|
| | આગળના દિવસની સ્થિતિએ જિલ્લાની ઉપલબ્ધ વિભાગ/વિષય મુજબની તમામ ખાલી જગ્યાઓ વધ-ઘટ કેમ્પમાં "બોર્ડ" ઉપર દર્શાવવાની રહેશે. પરંતુ એવી જગ્યાઓ કે જયાં બદલી હેઠળના કોઇ કર્મચારી વહીવટી કારણોસર હાજર થઇ શકેલ ના હોય તો તે જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી. એટલે કે તે જગ્યા ખાલી ગણવાની રહેશે નહિ. વધ-ઘટ કેમ્પમાં મૂળ શાળા માંગવાથી કેમ્પ દરમિયાન જો ખાલી જગ્યા ઉપસ્થિત થાય તો આ અંગે રોજકામ કરી તે જગ્યા પણ જનરલ કેમ્પમાં દર્શાવવાની રહેશે. |
| (૧૦) | જે શાળામાથી શિક્ષકને ફરજમોકૂફ કરાયેલ હોય તે શાળામા જે તે વિભાગ-વિષયની ખાલી જગ્યા બતાવવાની રહેશે તથા જે શાળામા ફરજમોકૂફ કરાયેલ શિક્ષકનુ મુખ્ય મથક નકકી કરવામા આવેલ હોય તે શાળાની જે તે વિભાગ-વિષયની જગ્યા ભરાયેલ ગણાશે નહીં. |
| (૧૧) | વધ-ઘટની બદલી કરતી વખતે ધોરણ-૧ થી ૫ ની લાયકાત ધરાવતા વિદ્યાસહાયક/શિક્ષકને ધોરણ-૧ થી ૫ ની ખાલી જગ્યા ઉપર મૂકી વધ સરભર કરવાની રહેશે. સંખ્યાધિક શિક્ષકને પ્રકરણ-D ના ક્રમ-(૧૩)(૧) મુજબ કામચલાઉ ધોરણે વધના શિક્ષક તરીકે મુકી શકાશે. જેને ત્યારપછીના વધ-ઘટ કેમ્પમાં કે વધપરત કેમ્પમાં તેઓને ફરજીયાત વધના શિક્ષક તરીકે બોલાવવાના રહેશે. |
| (૧૨) | ધોરણ-૬ થી ૮ માટે જે વિષયના વિદ્યાસહાયક/શિક્ષક વધ થતાં હોય તે જ વિષયની જે તે શાળામાં ખાલી જગ્યા પર જ મૂકી વધ સરભર કરવાની રહેશે. સંખ્યાધિક શિક્ષકને પ્રકરણ-D ના ક્રમ-(૧૩)(૨) મુજબ કામચલાઉ ધોરણે વધના શિક્ષક તરીકે મુકી શકાશે. જેને ત્યારપછીના વધ-ઘટ કેમ્પમાં કે વધપરત કેમ્પમાં તેઓને ફરજિયાત વધના શિક્ષક તરીકે બોલાવવાના રહેશે. |
| (૧૩) | વિદ્યાસહાયક/શિક્ષકની વધની બદલીની સ્થળ પસંદગી કરતી વખતે સૌપ્રથમ જો મૂળ શાળાની માંગણી હોય તો તે આપ્યા બાદ નીચે પ્રમાણેની કોમન સીનીયોરીટી(Common Seniority) ગણવાની રહેશે. જેમાં તાલુકા/જિલ્લા બહાર ગયેલા વિદ્યાસહાયક/શિક્ષક હાલ જે શાળામાં નોકરી કરે છે ત્યાં વધ ના હોય તો પણ તાલુકા/જિલ્લા વધ પરતનો લાભ લઇ શકશે.<br>(અ) જે તે વર્ષના વધ-ઘટ કેમ્પના તે તાલુકાના વધ થતા વિદ્યાસહાયક/શિક્ષક<br>(બ) અગાઉના વર્ષમાં જે તે તાલુકા/જિલ્લામાંથી વધથી તાલુકા/જિલ્લા બહાર ગયેલા વિદ્યાસહાયક/શિક્ષક<br>(ક) અગાઉના વર્ષમાં તે તાલુકાના સંખ્યાધિક(સુપરન્યુમરી) થયેલ વિદ્યાસહાયક/શિક્ષક<br>(ડ) આ પ્રકરણના પેટા નિયમ(૬) અને (૭) અનુસાર પ્રતિનિયુક્તિ રદ્દ થયેથી તાલુકા બહાર |

| | |
|---|---|
| | નિયુક્ત થયેલ બી.આર.સી/સી.આર.સી/ યુ.આર.સી.<br><br>ઉપરોકત તમામ વિદ્યાસહાયક /શિક્ષકની તેમના વિભાગ/વિષય મુજબની કોમન સિનીયોરીટી ગણવાની રહેશે. આ સિનિયોરિટી ગણતી વખતે પ્રકરણ-G (૨૩) અને (૨૦) ને અનુસરવાનું રહેશે.<br><br>આ રીતે તમામ તાલુકામાં વધ સરભર કર્યા બાદ જિલ્લાના અન્ય તાલુકાની તે જ વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યાવાળી શાળાઓમાં ઉપર મુજબની જિલ્લાની કોમન સિનીયોરીટી ગણી ચોખ્ખી ખાલી જગ્યાવાળી શાળાઓમાં વધ સરભર કરવાની રહેશે.<br><br>વધની બદલી કરતી વખતે વિદ્યાસહાયક/શિક્ષક જે શાળામાંથી જે તે વિભાગ/ વિષયની વધ થયેલ હોય તે પૈકી પ્રથમ તે શાળાના પગાર કેન્દ્રની તે જ વિભાગ/વિષયની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા હોય તેવી જગ્યા વાળી શાળામાં સમાવવાના રહેશે. પગારકેન્દ્રમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો જે તે તાલુકાની તે જ વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવાના રહેશે અને તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો તમામ તાલુકામાં વધ સરભર કર્યા બાદ જિલ્લાના અન્ય તાલુકાની તે જ વિભાગ /વિષયની ચોખ્ખી ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવી વધ સરભર કરવાની રહેશે. આ રીતે સમાવતી વખતે જે તે વધઘટ કેમ્પ દરમિયાન વધ પડેલ શિક્ષક અને તાલુકા કે જિલ્લા બહાર ગયેલ વધ પડેલ શિક્ષકની કોમન સિનીયોરીટી બનાવવાની રહેશે.<br><br>કોમન સીનિયોરીટી ગણતી વખતે વહીવટી કારણોસરની બદલી અને આ પ્રકરણના-(૬) સિવાયના કિસ્સામાં મૂળ શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખ પ્રવરતા(સિનિયોરીટી) માટે ગણવાની રહેશે. અને જો ખાતામાં દાખલ તારીખ સમાન હોય તો જન્મ તારીખને પ્રવરતા(સિનિયોરીટી) માટે ગણવાની રહેશે. અને જો જન્મતારીખ સમાન હોય તો ગુજરાતી કકકાવારી પ્રમાણે કર્મચારીનું નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં આવતા કર્મચારીને પ્રવર(સિનિયર) ગણવાનો રહેશે. |
| (૧૪) | ધોરણ-૬ થી ૮ મા વિષયવાર તાલુકા/જિલ્લામા આંતરિક વધ સરભર કર્યા બાદ જો જિલ્લાની ધોરણ- ૬ થી ૮ ના શિક્ષકોની કોઈ પણ વિષયમાં વધ રહેતી હોય તો તેઓને જિલ્લાની ધોરણ- ૬ થી ૮ ની જે તે વિષયની વધ-ઘટ સરભર કર્યા બાદ ધોરણ- ૬ થી ૮ ની અન્ય વિષયની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાઓ વાળી શાળાઓમાં સંખ્યાધિક શિક્ષકનો અન્ય હુકમ ના થાય ત્યાં સુધી વધ તરીકે સરભર કરવાના રહેશે. જે અંગેનું રોજકામ સબંધિત સમિતિએ કરવાનું રહેશે અને દફતરે રાખવાનું રહેશે. પરંતુ તેવા શિક્ષકોને જે તે વિષયના જે તે માધ્યમમાં વધ શિક્ષક તરીકેના હુકમ કરવાના રહેશે. |

| | |
|---|---|
| (૧૫) | ધોરણ-૧ થી ૫ મા તાલુકા/જિલ્લામા આંતરિક વધ સરભર કર્યા બાદ જો જિલ્લાની ૧ થી ૫ ના શિક્ષકોની વધ રહેતી હોય તો તેઓને જિલ્લાની ધોરણ- ૬ થી ૮ ની વધ-ઘટ સરભર કર્યા બાદની ધોરણ- ૬ થી ૮ ની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાઓ વાળી શાળાઓમાં સંખ્યાધિક શિક્ષકનો અન્ય હુકમ ના થાય ત્યાં સુધી સરભર કરવાના રહેશે. જે અંગેનું રોજકામ સબંધિત સમિતિએ કરવાનું રહેશે અને દફતરે રાખવાનું રહેશે. પરંતુ તેવા શિક્ષકોને જે તે વિભાગના જે તે વિષયના જે તે માધ્યમમાં વધ શિક્ષક તરીકેના હુકમ કરવાના રહેશે. |
| (૧૬) | ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ નાં જિલ્લાના જનરલ કેમ્પ પૂર્ણ થયા બાદ પણ જો જિલ્લામા ધોરણ-૬ થી ૮ માં વધ રહેતી હોય તો જિલ્લાની ધોરણ- ૧ થી ૫ ની ચોખ્ખી ખાલી જગ્યા પર જિલ્લાની શાળાઓમા જે અંગેનું રોજકામ સબંધિત સમિતિએ કરવાનું રહેશે અને દફતરે રાખવાનું રહેશે. પરંતુ તેવાં શિક્ષકોને જે તે વિષયના જે તે વિષયના જે તે માધ્યમમાં વધ શિક્ષક તરીકેના હુકમ કરવાના રહેશે. |
| (૧૭) | દરેક સુપરન્યુમરી(સંખ્યાધિક) અને વિભાગ/વિષય સંખ્યાધિક વધ થયેલ વિદ્યાસહાયક /શિક્ષકને અન્ય જગ્યા પર શરતી સમાવ્યા અંગેની શરત વધના હુકમમાં લખવાની રહેશે અને ત્યારપછી આ પ્રકરણ-H(બ) મુજબના <u>વધપરત</u> કેમ્પમાં હાજર રાખવાના રહેશે. <u>વધપરત</u> કેમ્પમાં પોતાના વિભાગ/વિષયમાં સરભર ન થાય તો ત્યારપછીના વધના કેમ્પમાં વધના શિક્ષક તરીકે હાજર રાખવાના રહેશે. |
| (૧૮) | ઉપર મુજબ વધ સરભર કર્યા બાદ જો જિલ્લામાં પણ જે તે વિભાગ/વિષયની વધ સરભર ન થાય એટલે કે જિલ્લાના કુલ મંજૂર મહેકમ કરતા પણ વિદ્યાસહાયક/શિક્ષક વધ રહે(સુપર ન્યુમરી-સંખ્યાધિક) ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આવા વધ પડતા વિદ્યાસહાયક/શિક્ષકને સુપર ન્યુમરી(સંખ્યાધિક) જાહેર કરી તેના હુકમ કરવાના રહેશે તથા તેની વિભાગ/વિષયવાર યાદી આ સાથે સામેલ <u>પરિશિષ્ટ-૪</u> મુજબના પત્રકમાં કેમ્પ પુરા થયેથી દિન-૫ માં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રૂબરૂમાં મોકલી આપવાની રહેશે. |
| (૧૯) | વધ-ઘટ કેમ્પ પૂર્ણ થયા બાદ જે જિલ્લામાં જે તે વિભાગ/વિષયની ખાલી જગ્યા રહેતી હોય તેની માહિતી પણ આ સાથે સામેલ <u>પરિશિષ્ટ-૪</u> મુજબ કેમ્પ પૂર્ણ થયે દિન-૫ માં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રૂબરૂમાં મોકલી આપવાની રહેશે.<br>જો ખાલી જગ્યા પણ ન હોય અને મહેકમ પણ વધારાનું ન હોય તેવા સંજોગામાં વધ પણ નથી અને ખાલી જગ્યા પણ નથી તે મતલબનું પ્રમાણપત્ર જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ કેમ્પ પૂર્ણ થયે દિન-૫ માં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રૂબરૂમાં મોકલી આપવાનું રહેશે. |
| (૨૦) | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ રાજયના વિવિધ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ તરફથી મળેલ |

| | |
|---|---|
| | વધના શિક્ષકોની "યાદી" અને ખાલી જગ્યાઓની "યાદી" ઓનલાઇન(Online) પ્રદર્શિત કરવાની રહેશે અને જે તે જિલ્લામાં વિદ્યાસહાયક/ શિક્ષકની વધ પડેલ શાળાની જે તે વિભાગ/ વિષયની મૂળ શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખ ધ્યાને લઈ પ્રવરતા (સિનિયોરીટી) યાદી બનાવવાની રહેશે. રાજય કક્ષાએ જિલ્લાફેર વધ સરભર કેમ્પ કરવાનો રહેશે અને કેમ્પના દિવસે વિદ્યાસહાયક/ શિક્ષકને હુકમ આપવાના રહેશે. સ્થળ પસંદગી કરતી વખતે વિદ્યા સહાયક /શિક્ષકની હાલની શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે. આ અંગેના હુકમો ઓનલાઇન મેળવવાના રહેશે. આ રીતે અન્ય જિલ્લામાં વધથી સમાવેલ વિદ્યા સહાયક/શિક્ષક આ પ્રકરણના H(બ) ની જોગવાઇ અનુસાર જિલ્લા પરત આવી શકશે. |
| (૨૦)(૧) | વિદ્યાસહાયક/શિક્ષકની વધ બદલી કરવા માટે સૌ પ્રથમ હાલની શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે. જો કોઈ બે વિદ્યાસહાયક /શિક્ષકની હાલની શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખ સરખી હોય તો ખાતામા દાખલ તારીખ, જો ખાતામા દાખલ તારીખ સરખી હોય તો જન્મ તારીખ ધ્યાને લઇ જેની ઉંમર નાની હોય તેને વધ ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સરખી હોય તો વિદ્યાસહાયક/ શિક્ષકના ગુજરાતીમા નામની કક્કાવારી મુજબ સિનિયોરિટી નકકી કરવાની રહેશે અને તે મુજબ વધ ગણવાના રહેશે. |
| (૨૧) | જન્મ તારીખ મુજબ વયનિવૃત્ત થયેલ શિક્ષક એ પોતાનો સત્રાંતે નિવૃત્તનો લાભ ચાલુ રાખેલ હોય તો અને તે શાળામા તેઓ પોતે વધ થતા હોય તો તેમને પણ વધમાં બદલવાના રહેશે. |
| (૨૨) | જે શાળામા જે તે વિભાગ/વિષય/માધ્યમ મુજબ વધ થયેલ હોય તે શાળાના વિદ્યાસહાયક/શિક્ષકના બદલે તે જ શાળાના તે જ વિભાગ/વિષય/માધ્યમના અન્ય વિદ્યાસહાયક/શિક્ષક લેખિત સંમતિથી વધવાળા શિક્ષકની પ્રવરતા(સિનિયોરીટી)ના ક્રમે બદલાઇને જવા માંગતા હોય તો તેમની સંમતિ વધથી બદલી કરવાની રહેશે. પરંતુ આવી બદલી બંને વિદ્યાસહાયક/શિક્ષકોની માંગણીની બદલી ગણાશે તથા કેમ્પમા બંને વિદ્યાસહાયક/શિક્ષકના બદલીના હુકમ કરવાના રહેશે, પરંતુ પોતાની જ શાળામા રહેલ વિદ્યાસહાયક/શિક્ષકની શાળામા હાજર તારીખ યથાવત રહેશે. આવાં સંમતિ વધથી ગયેલ વિદ્યાસહાયક/શિક્ષકને મૂળ શાળા/તાલુકા/જિલ્લા વધ પરતનો લાભ મળવાપાત્ર રહેશે નહી તથા બંનેની સેવાપોથીમા હુકમની નોધ કરવાની રહેશે તથા આગામી ત્રણ વર્ષ સુધી બંને વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લા આંતરિક માંગણી કે જિલ્લા આંતરિક અરસપરસ બદલીની માંગણી કરી શકશે નહી તેમજ આ પ્રકારનો લાભ સમગ્ર નોકરી દરમિયાન એક જ વખત લઇ શકાશે. |
| (૨૨)(૧) | વધ થયેલા વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લા આંતરિક બદલી માંગણી કે જિલ્લા આંતરિક |

| | |
|---|---|
| | અરસપરસ બદલીની માંગણી કરે ત્યારે જે શાળામાંથી તે વધમાં ગયા હોય તે શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને બદલીની પ્રવરતા(સિનિયોરીટી) માટે ધ્યાને લેવાની રહેશે. જો કોઈ શિક્ષકની ઉત્તરોત્તર વધમાં બદલી થયેલ હોય ત્યારે તે ભરતીથી નિમણૂંક પામેલ હોય અથવા નિમણૂંક પામ્યા પછી વધ સિવાય અન્ય પ્રકારની બદલીથી જે શાળામાં દાખલ/હાજર થયેલ હોય તે શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે.<br>દા.ત. 'x' નામના શિક્ષકને ભરતીથી હાજર થયેલ કે વધ સિવાયની બદલીથી હાજર થયેલ (અ) શાળામાથી વધ થઇ (બ) શાળામાં સરભર કરવામાં આવે છે અને તેઓ માંગણી બદલી કરે ત્યારે તેઓની (અ) શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને સિનીયોરીટી માટે ધ્યાને લેવાની રહેશે.<br>પરંતુ 'x' નામના શિક્ષકને ભરતીથી હાજર થયેલ કે વધ સિવાયની બદલીથી હાજર થયેલ (અ) શાળામાથી વધ થઇ (બ) શાળામાં સરભર થાય ત્યારબાદ વખતોવખત વધ પડી (ક), (ડ), (ઇ) .... શાળામાં વધ સરભર થાય અને તેઓ (ઇ) શાળામાંથી માંગણી બદલી કરે ત્યારે તેઓની ઉત્તરોત્તર વધ સરભર થયા પૂર્વેની એટલે કે (અ) શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને પ્રવરતા(સિનિયોરીટી) માટે ધ્યાને લેવાની રહેશે. |
| (૨૩) | વધ થતા વિદ્યાસહાયક/શિક્ષકને સમાવવાની પ્રક્રિયામાં સરભર ન કરી શકાયેલ સુપર ન્યુમરી(સંખ્યાધિક) વિદ્યાસહાયક/શિક્ષકને શિક્ષણ વિભાગ દ્વારા આવા કર્મચારીને કામ વગર પગાર ચૂકવવો ન પડે તે હેતુથી તેઓને સરકારમાં કે અન્ય જગ્યાએ કામગીરી માટે મૂકી શકાશે તથા તેઓને સોપવામાં આવેલ કામગીરી ફરજીયાત કરવાની રહેશે અને તે ફરજ બજાવવા બંધાયેલા ગણાશે. અને જો તે હુકમનો અનાદર કરે તો નિયમોનુસાર શિસ્તવિષયક કાર્યવાહી કરવાની રહેશે. |
| (૨૪) | **તાલુકા/જિલ્લા વધ પરતના કેમ્પમાં સૌપ્રથમ તાલુકા/જિલ્લા બહાર ગયેલા વિદ્યાસહાયક /શિક્ષકને મૂળ તાલુકા/જિલ્લામાં પરત કરવાના રહેશે.** અને આ અંગેનું કાયમી રજિસ્ટર તાલુકા/જિલ્લા કક્ષાએ નિભાવવાનું રહેશે. અને જયાં સુધી મૂળ તાલુકા/જિલ્લામાં પરત આવવાની પ્રથમ તક ન મળે ત્યાં સુધી રજિસ્ટર નિભાવી આ પ્રકરણની સૂચના-૧૩ મુજબ કોમન સિનીયોરીટી ગણવાની રહેશે. |
| (૨૫) | પરંતુ આવા વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા જે કેમ્પમાં પરત સમાવેશ કરવામાં આવે અને તે કેમ્પમાં તે તાલુકા/જિલ્લામાં જગ્યા ઉપલબ્ધ હોવા છતાં તે વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઇ એક જગ્યાની પસંદગી નહી કરવામાં આવે અથવા કેમ્પમાં ગેરહાજર રહે તો ત્યારબાદ તે વિદ્યાસહાયક/શિક્ષકને આ હેતુસર મૂળ તાલુકા/જિલ્લામાં પરત આવવાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. વિદ્યાસહાયક/શિક્ષકએ આ તક કાયમી રીતે જતી કરે છે તેમ |

| | |
|---|---|
| | ગણીને જિલ્લા/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તે અંગેનો લેખિત હુકમ કરી તેની નોંધ **પરિશિષ્ટ-૪** મુજબના રજિસ્ટરમાં તથા સંબંધિત વિદ્યાસહાયક/શિક્ષકની સેવાપોથીમાં તરત જ કરવાની રહેશે. આવી તક જતી કરનાર વિદ્યાસહાયક /શિક્ષકને આ જોગવાઇ સંબંધે ભવિષ્યમાં કોઇ જ મૂળ તાલુકા/જિલ્લા પરતની તક આપવાની રહેશે નહિ. તાલુકા/જિલ્લા કક્ષાએ આ અંગેનું 'રજિસ્ટર' નિભાવવાનું રહેશે. |
| (૨૬) | વધ બદલી કેમ્પમાં ઉપસ્થિત રહેવા માટે શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી તથા જિલ્લા/નગર શિક્ષણ સમિતિના માન્ય સંઘોના એક-એક પ્રતિનિધિને ફરજિયાત આમંત્રણ આપવાનું રહેશે. |
| | પ્રકરણ- H (વિભાગ-બ) |
| (બ) | **સંખ્યાધિક શિક્ષકો તથા જિલ્લા બહાર વધમાં ગયેલા શિક્ષકોને સમાવવાનો માત્ર વધ પરત કેમ્પ** |
| (૧) | બીજા સત્રના અંતે નિવૃત્તિથી કે કોઇ પણ કારણોસર ખાલી જગ્યાઓ પર નિયામકશ્રી(પ્રાથમિક શિક્ષણ) સૂચના આપે ત્યારે વધપરત કેમ્પ કરવાના રહેશે.<br>સંખ્યાધિક તરીકે જે શિક્ષકોના હુકમો કરવામાં આવેલ હોય તથા જિલ્લામાં જગ્યા ન હોવાના કારણે અન્ય જિલ્લામાં જે શિક્ષકોને સમાવ્યા હોય તેવા શિક્ષકોને જ આ વધ પરત કેમ્પનો લાભ મળવાપાત્ર થશે.<br>જે જિલ્લામાં સંખ્યાધિક/જિલ્લા બહાર ગયેલ વિદ્યાસહાયક /શિક્ષક ન હોય તેઓએ આવી કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| (૨) | સંખ્યાધિક/જિલ્લા બહાર ગયેલ વધ વિદ્યાસહાયક/શિક્ષક તેઓની શાળામાં વધ ન હોય અને જિલ્લા પરતની માંગણી કરે તો મૂળ જિલ્લા પરતનો લાભ આપવાનો રહેશે. વિદ્યાસહાયક/ શિક્ષકને તેઓની વધ થયેલ શાળામાં હાજર થવા માટેના કરેલ હુકમની તારીખને આધારે મૂળ તાલુકા/જિલ્લામા વધ પરતનો લાભ આપવાનો રહેશે. આ અંગેનુ કાયમી રજિસ્ટર તાલુકા/જિલ્લા કક્ષાએ નિભાવવાનુ રહેશે. જેનો નમૂનો પરિશિષ્ટમાં સામેલ છે.<br>વધ પરત કરતી વખતે વિદ્યાસહાયક/શિક્ષક જે શાળામાંથી જે તે વિભાગ/ વિષયની વધ થયેલ હોય તે પૈકી પ્રથમ તેની મૂળ શાળા ત્યારબાદ શાળાના પગાર કેન્દ્રની તે જ વિભાગ/વિષયની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા હોય તેવી જગ્યા વાળી શાળામાં સમાવવાના રહેશે. પગારકેન્દ્રમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો જે તે જ તાલુકાની તે જ વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવાના રહેશે અને તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જિલ્લાના તમામ તાલુકામાં સમાવવાના રહેશે. |
| (૩) | પરંતુ આવા વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા જે કેમ્પમા પરત સમાવેશ કરવામા આવે અને તે કેમ્પમા તે શાળા/પે-સેન્ટર/ તાલુકા/જિલ્લામા જગ્યા ઉપલબ્ધ હોવા છતા તે વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા |

| | |
|---|---|
| | ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઇ એક જગ્યાની પસંદગી નહીં કરવામા આવે અથવા કેમ્પમાં વાજબી કારણ વગર ગેરહાજર રહે તો ત્યારબાદ તે વિદ્યાસહાયક/શિક્ષકને આ હેતુસર મૂળ શાળા/પેસેન્ટર /તાલુકા/જિલ્લામા પરત આવવાનો લાભ મળવાપાત્ર રહેશે નહી. આવા કિસ્સામાં આવા શિક્ષકની જિલ્લા ફેરબદલી ગણાશે અને તે જિલ્લામાં તમામ બદલી કેમ્પ સંદર્ભે જિલ્લા ફેરથી ગયેલા શિક્ષકની જે રીતે પ્રવરતા પ્રવરતા(સિનીયોરીટી) ગણાય છે, તે મુજબની પ્રવરતા(સિનીયોરીટી) ગણાશે. વિદ્યાસહાયક/ શિક્ષકએ આ લાભ કાયમી રીતે જતો કરેલ છે તેમ ગણીને જિલ્લા/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તે અંગેનો લેખિત હુકમ કરી તેની નોધ પરિશિષ્ટમાં જણાવેલ 'રજિસ્ટર'માં તથા સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકની સેવાપોથીમા તુરંત જ કરવાની રહેશે.<br>આવી તક જતી કરનાર વિદ્યાસહાયક/શિક્ષકને આ જોગવાઈ સંબંધે ભવિષ્યમાં કોઇ જ મૂળ તાલુકા/જિલ્લા પરતની તક આપવાની રહેશે નહી. તાલુકા/જિલ્લા કક્ષાએ એ અંગેનુ રજિસ્ટર નિભાવવાનુ રહેશે. |
| (૪) | આ ઠરાવ પ્રસિધ્ધ થયા પહેલાં જે જિલ્લામાં વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લા/ તાલુકા બહાર વધ તરીકે બદલી થયેલ હોય તથા તે જ તાલુકામાં વિભાગ/વિષય વધ હોવાથી કોઇ પણ શાળામાં હંગામી મૂકેલ હોય કે સરભર કરેલ હોય તથા અગાઉના વર્ષોમાં CRC/BRC/URC તરીકેની પ્રતિનિયુકિત પૂર્ણ કે રદ થવાથી કે રાજીનામાથી તાલુકા બહાર ગયેલ હોય તેઓના કિસ્સામાં પણ ઉપર દર્શાવેલ જોગવાઇ એકસમાન રીતે લાગુ પડશે. |
| | **પ્રકરણ-I** |
| શાળા એકીકૃત(મર્જ)/બંધ થતા કરવાની થતી બદલીઓ :- | |
| (૧) | જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે કે અન્ય કોઇ કારણોસર કોઈ એક કે એક કરતા વધારે શાળાઓ કે શાળાઓના ધોરણ/વર્ગો એકીકૃત(મર્જ) કરવામાં આવે ત્યારે એકીકૃત(મર્જ) થયેલ શાળામા તમામ વિદ્યાર્થીઓની સંખ્યાની ગણતરી કરી નવેસરથી મળવાપાત્ર હંગામી મહેકમની ગણતરી કરવાની રહેશે અને તે મુજબ ધોરણ-૧ થી ૫ અને ધોરણ- ૬ થી ૮ નુ હંગામી મહેકમ નિયત કરવાનુ રહેશે. ત્યારબાદ એકીકૃત(મર્જ) થયેલ શાળામાં તમામ શિક્ષકોની તેઓ જે શાળામા ફરજ બજાવતા હતા તે શાળાની વિભાગ/ વિષયવાર શાળામા હાજર થવા માટેના કરેલ હુકમની તારીખ ધ્યાને લઇ વિભાગ/વિષય મુજબ કોમન પ્રવરતા(સિનિયોરિટી) બનાવવાની રહેશે અને જો અલગ અલગ વિભાગ/વિષયમાં મળવાપાત્ર શિક્ષક મુજબ મહેકમ સરભર થઈ જતુ હોય તો તમામ શિક્ષકોને એકીકૃત(મર્જ) થયેલ શાળામા જ રાખવાના રહેશે અને તેના હુકમ કરવાના રહેશે. પરંતુ શાળા એકીકૃત(મર્જ) કરવાથી જો વધ થતા હોય તો તેવા સંજોગોમા એકીકૃત(મર્જ) થતી શાળાના જે તે વિભાગ/ |



૨૮

| | |
|---|---|
| | વિષયની કોમન સિનિયોરિટીના આધારે જે તે વિભાગ/વિષયમાં સૌથી છેલ્લા ક્રમે આવતા વિદ્યાસહાયક/શિક્ષકને વધ ગણી વધ-ઘટના નિયમોનુસાર આવા વધારાના શિક્ષકનો તેઓના વિભાગ/વિષયની ખાલી જગ્યા પર હુકમ કરી સમાવવાના રહેશે. |
| (૨) | ઉકત-(૧) ની સૂચના મુજબ હંગામી મહેકમ નકકી કરતાં સમયે શાળા એકીકૃત(મર્જ)માં જો ધો. ૬ થી ૮ ના વર્ગો એકીકૃત(મર્જ) થાય તો ધો. ૬ થી ૮ ના શિક્ષકોની પ્રવરતા(સિનિયોરીટી) સળંગ નક્કી કરવી. જો ધો. ૧ થી ૫ ના વર્ગો એકીકૃત(મર્જ) થાય તો ધો. ૧ થી ૫ ના શિક્ષકોની પ્રવરતા(સિનિયોરીટી) સળંગ ગણવી. ધો. ૬ થી ૮ ના વર્ગો એકીકૃત(મર્જ) થાય અને તેમાં ધો. ૧ થી ૫ ની લાયકાતવાળાં શિક્ષકો કામ કરતાં હોય તો તેઓને ધો. ૬ થી ૮ ના વિભાગની પ્રવરતા(સિનિયોરીટી)માં ગણવાના રહેશે નહીં. |
| (૨-અ) | કોમન સિનિયોરિટી મુજબ તેનાં વિભાગ/વિષય મુજબ જો કોઈ બે વિદ્યાસહાયક/ શિક્ષકની શાળામા હાજર થવા માટેના કરેલ હુકમની તારીખ સરખી હોય તો ખાતામા દાખલ તારીખ, જો ખાતામા દાખલ તારીખ સરખી હોય તો જન્મ તારીખ ધ્યાને લઇ ઉમરમાં જે નાના હોય તેમને વધ ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સરખી હોય તો વિદ્યાસહાયક/શિક્ષકના ગુજરાતીમા નામની કકકાવારી મુજબ સિનિયોરિટી નકકી કરવાની રહેશે અને તે મુજબ વધ ગણવાના રહેશે. આમ તમામ વિભાગ/વિષયમાં છેલ્લા ક્રમે આવેલ શિક્ષકને વધ ગણવાના રહેશે. |
| (૩) | સામાન્ય સંજોગોમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ શૈક્ષણિક વર્ષના અંતે શાળા એકીકૃત(મર્જ)નો નિર્ણય કરવાનો રહેશે અને શાળા એકીકૃત(મર્જ) કરવાના સમયે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારી એ શાળા એકીકૃત(મર્જ)ના હુકમની સાથે સાથે એકીકૃત(મર્જ) કરવાપાત્ર શાળાના વિદ્યાર્થીઓને નજીકની શાળામાં પ્રવેશ આપવા બાબત, શાળાનું વહીવટી દફતર, મિલકત, શૈક્ષણિક દફતરની ફાળવણીનો ઉલ્લેખ કરવાનો રહેશે. શિક્ષક મહેકમ બાબતે વિદ્યાસહાયક/શિક્ષકના એકીકૃત(મર્જ) થયેલ શાળાની વિદ્યાર્થી સંખ્યાના આધારે મહેકમ સરભર કે વધ નકકી કરી તે બાબતોના હુકમો તાત્કાલિક કરવાના રહેશે તથા વધ-ઘટ કેમ્પમાં હાજર રહેવા બાબતના હુકમ પણ કરવાના રહેશે અને એકીકૃત(મર્જ) થયેલ શાળાઓનું કાયમી રજિસ્ટર જિલ્લા/તાલુકા કક્ષાએ નિભાવવાનું રહેશે. |
| (૪) | જે શાળા એકીકૃત(મર્જ) થયેલ છે તે શાળાના શિક્ષકો જયારે આંતરિક માંગણી બદલી કે અરસપરસ બદલીની માંગણી કરે ત્યારે પ્રવરતા(સિનીયોરીટી) માટે હાલની શાળામાં એકીકૃત(મર્જ)થી સમાવ્યા પૂર્વે જે શાળામાં ફરજ બજાવતાં હતા તે શાળામાં હાજર થવા માટેના કરાયેલ હુકમની તારીખ ધ્યાને લેવાની રહેશે.<br>પરંતુ જો કોઇ વિદ્યાસહાયક/શિક્ષક એકીકૃત(મર્જ) થયા પૂર્વેની શાળામાં ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લઇને આવેલ હોય કે વધ બદલીથી આવેલ હોય ત્યારે તેમની મૂળ શાળાની |

| | |
|---|---|
| | પ્રવરતા(સિનિયોરીટી) ધ્યાને લેવાની રહેશે.<br>દા.ત. (અ) શાળાને (બ) શાળામાં એકીકૃત(મર્જ) કરે ત્યારબાદ (અ) શાળાનો શિક્ષક આંતરિક માંગણી બદલી કે અરસપરસ બદલીની માંગણી બદલી કરે ત્યારે સિનીયોરીટી માટે (અ) શાળામાં હાજર થવા માટેના કરાયેલ હુકમની તારીખ ધ્યાને લેવાની રહેશે.<br>(અ) શાળા અને (બ) શાળાને (ક) શાળામાં એકીકૃત(મર્જ) કરે ત્યારબાદ (અ) કે (બ) શાળાનો શિક્ષક આંતરિક માંગણી બદલી કે અરસપરસ બદલીની માંગણી બદલી કરે ત્યારે પ્રવરતા (સિનીયોરીટી) માટે (અ) કે (બ) શાળામાં હાજર થવા માટેના કરાયેલ હુકમની તારીખ ધ્યાને લેવાની રહેશે. |
| (૫) | જ્યારે કોઇ સંજોગોમાં શાળા બંધ કરવામાં આવે ત્યારે આ પ્રકરણની ઉકત (૧) થી (૪)ની જોગવાઇ મુજબની કાર્યવાહી કરવાની રહેશે. |
| | **પ્રકરણ-J (તા.૧૪-૧૦-૨૦૨૨ના સુધારા ઠરાવથી રદ)** |
| | **પ્રકરણ-K** |
| **જિલ્લા આંતરિક માગણી બદલી** | |
| (૧) | આંતરિક બદલી કેમ્પમાં પ્રકરણ-(E)(અ) માં દર્શાવેલ અગ્રતાના ક્રમ મુજબ અગ્રતાનો લાભ આપવાનો રહેશે. |
| (૧)(અ) | સી.આર.સી./બી.આર.સી./યુ.આર.સી. એક કરતાં વધુ વખત પ્રતિનિયુક્તી પર ગયા હોય અને આંતરિક બદલીની માગણી કરે ત્યારે તેઓ પ્રથમ વખત જે શાળામાંથી પ્રતિનિયુક્તી પર ગયા હોય તે શાળામાં દાખલ થવા કરાયેલ હુકમની તારીખથી પ્રવરતા(સિનિયોરીટી) ગણવાની રહેશે.<br>પ્રકરણ- H ના ક્રમ-૬ અને ૭ માં કરેલ જોગવાઇઓ યથાવત રહેશે.<br>શિક્ષક/વિદ્યાસહાયક ઉત્તરોત્તર વધ પડી હાલ જે શાળામાં હોય અને જિલ્લા આંતરિક બદલીની માગણી કરે ત્યારે તેઓ પ્રથમ વખત વધ પડ્યા હોય તે શાળામાં દાખલ થવા કરાયેલ હુકમની તારીખથી પ્રવરતા(સિનિયોરીટી) ગણવાની રહેશે.<br>પરંતુ ઉપરોકત બન્ને કિસ્સામાં તે દરમિયાન તેઓએ જિલ્લા આંતરિક બદલી કરાવેલ હોય તો આંતરિક બદલી કરાવી જે શાળામાં હાજર થયા હોય તે શાળામાં દાખલ થવા કરાયેલ હુકમની તારીખથી પ્રવરતા(સિનિયોરીટી) ગણવાની રહેશે.<br>આ ઠરાવ અગાઉ જે શિક્ષકોએ ઉચ્ચ પ્રાથમિકનો વિકલ્પ લીધેલ છે તેઓ માટે પ્રકરણ- G(૨૦) મુજબ સીનીયોરીટી ગણવાની રહેશે. |
| (૨) | નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નક્કી કરે તે માસની પહેલી તારીખે જિલ્લામાં ખાલી પડેલ તમામ જગ્યાઓ વિભાગ/વિષય મુજબ જિલ્લામાં આંતરિક બદલીથી ભરી શકાશે. જેમાં આ ઠરાવના |

| | |
|---|---|
| | અગ્રતા <u>**પ્રકરણ(E)**</u> ની જોગવાઈ તથા શ્રેયાનતા(Seniority)ના ધોરણે જિલ્લા/તાલુકામાં આંતરિક બદલીથી ભરવાની રહેશે. |
| (૩) | સદર બદલીઓ ઓનલાઇન પધ્ધતિથી કરવાની રહેશે. જિલ્લાની આંતરિક ઓનલાઇન બદલી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નકકી કરે ત્યારે કરવાની રહેશે. જયારે બદલી કેમ્પ જાહેર થાય ત્યારે તે માસની પહેલી તારીખની સ્થિતિએ વિભાગ/વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યા ગણવાની રહેશે. તાલુકાવાર ખાલી જગ્યાઓની પુરતી ચકાસણી કરવાની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે અને સંકલિત કરી તથા ખરાઈ કરીને ઓનલાઇન અપલોડ કરવાની જવાબદારી સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની રહેશે. |
| (૪) | પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિભાગ માટે જે તે જિલ્લાની તાલુકાવાર ખાલી જગ્યાવાળી શાળાઓની યાદી પ્રાથમિક વિભાગ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ મુજબ તૈયાર કરી સોફટવેરમાં એન્ટર કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. (૧. ભાષા, ૨. ગણિત-વિજ્ઞાન, ૩. સામાજિક વિજ્ઞાન) |
| (૫) | સબંધિત જગ્યામાં આંતરિક બદલી કરાવવા ઇચ્છતા વિદ્યાસહાયક/ શિક્ષક માટે ઓનલાઇન બદલી કાર્યક્રમની નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણએ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની રહેશે. |
| (૬) | જે વિદ્યાસહાયક/શિક્ષક આંતરિક બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ/વેબપોર્ટલ પર માંગેલ વિગતો ભરી ઓનલાઇન અરજી સબમીટ(Submit) કરવાની રહેશે. |
| (૭) | સબમીટ(Submit) થયેલી અરજીની બે પ્રિન્ટ કાઢી કચેરીની નકલ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જરૂરી આધાર-પુરાવા જોડીને રજૂ કરવાની રહેશે. |
| (૮) | સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના લોગીન(Login)માં જઈ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને આપવાની રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જો અમાન્ય હોય તો પોતાના લોગીન(Login)માં જઈ તે માટેનાં કારણો ઓનલાઈન નોંધવાના રહેશે તથા દિન-૭ માં માન્ય/અમાન્ય તમામ અરજીઓ ઓનલાઈન(Online) તથા હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે. |
| (૯) | વિદ્યાસહાયક/શિક્ષકએ અમાન્ય થયેલ અરજી સામે જો વાંધો હોય તો તેમનો વાંધો દિન-૭ માં આધાર-પુરાવા સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂ કરવાનો રહેશે. |
| (૧૦) | સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અરજીઓ બાબતે જો કોઇ વાંધો રજૂ થયેલ હોય તો તે અંગે નિયમોનુસાર નિર્ણય લઇ તેઓને આપેલ પોતાના જિલ્લાના લોગીન(Login)માં જઇ |



૯૬

| | |
|---|---|
| | વાંધાવાળી તથા બીજી આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી તેનો માન્ય કે અમાન્યનો સ્પષ્ટ નિર્ણય કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે. જેનો લેખિતમાં હુકમ કરી સંબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને જાણ કરવાની રહેશે. |
| (૧૧) | ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ વેબસાઇટ/વેબપોર્ટલમાં નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકના બદલી હુકમ(ઓર્ડર) તૈયાર થશે. |
| (૧૨) | બદલી માટે નિયમોનુસાર બદલીપાત્ર થતા વિદ્યાસહાયક/શિક્ષકએ વેબસાઇટ પરથી બદલી હુકમ(ઓર્ડર)ની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે. |
| (૧૩) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જનરેટ થયેલ તમામ બદલી હુકમની નકલો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને ઈ-મેઈલથી મોકલી આપવાની રહેશે અને ફાઇલે રાખવાની રહેશે તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ખરાઈ કરવાની રહેશે અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તેની એક નકલ પોતાના તાલુકાની જે શાળામાં વિદ્યાસહાયક/શિક્ષકની બદલી થઇને આવતા હોય તે શાળાના મુખ્ય શિક્ષકને ૩(ત્રણ) દિવસમાં આપવાની રહેશે. આવા તમામ બજાવેલ હુકમની સબંધિત મુખ્યશિક્ષકને મળ્યા મુજબની પહોંચ નિભાવવાની રહેશે. |
| (૧૪) | મુખ્યશિક્ષકે તે નકલ અને બદલાઇને આવનાર વિદ્યાસહાયક/શિક્ષકએ રજૂ કરેલ હુકમની નકલની ખરાઇ કરી સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને હાજર કરવાના રહેશે. તે દરમિયાન મુખ્યશિક્ષકને હુકમ મળ્યા પહેલા કોઇ વિદ્યાસહાયક/શિક્ષક હાજર/છૂટા થવા આવે તો વિદ્યાસહાયક/શિક્ષક એ રજૂ કરેલ હુકમના આધારે હાજર કરવાના રહેશે. હાજર/છૂટા કર્યા બાદ આવાં હુકમની ખરાઇ કરવાની રહેશે. |
| (૧૫) | ઓનલાઇન બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી ક્ષતિ ઉભી થયે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિર્ણય લેશે અને ટેકનીકલ ક્ષતિ ઉભી થાય તો તેનો આખરી નિર્ણય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ લેવાનો રહેશે. |
| (૧૬) | કોમ્પ્યુટરાઇઝડ બદલી હુકમમાં જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રિન્ટ થયેલી સહી માન્ય ગણાશે. |
| (૧૭) | નગરપાલિકા/મહાનગરપાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિઓ માટે શાસનાધિકારીશ્રીએ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે. |
| (૧૮) | સરકારી પ્રાથમિક શિક્ષક દંપતિ સિવાયના પતિ-પત્નિ બંને એક જ તાલુકામાં ફરજો બજાવતા હોય તો તેઓ દંપતિની અગ્રતાના કિસ્સામાં તે જ તાલુકામાં બદલીની માગણી કરી શકશે નહિ. "એક જ તાલુકામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષક દંપતિએ અગ્રતાના કિસ્સાનો લાભ લેવા અરજી કરેલ હોય અને પતિ/પત્નીની શાળામાં જે વિભાગ/વિષય/માધ્યમની ખાલી જગ્યા હોય તો તેની પ્રથમ પસંદગી કરવાની રહેશે. અને જો શાળામાં ખાલી જગ્યા ન હોય તો તે જ |

શાળાના પગાર કેન્દ્રની શાળામાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળાઓમાં પસંદગી કરવાની રહેશે. અને પગાર કેન્દ્રની શાળામાં પણ જગ્યા ખાલી ન હોય તો તે જ તાલુકાની અન્ય શાળામાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળાની પસંદગી કરવાની રહેશે.

## પ્રકરણ-L

**જિલ્લાફેર એકતરફી ઓફલાઇન(Offline) બદલી :-**

(૧) જિલ્લાફેર એકતરફી **ઓફલાઇન(Offline)** બદલી માટે હાલ જે જિલ્લામા વિભાગ/વિષય મુજબના પ્રતિક્ષા યાદીના રજિસ્ટર નિભાવેલ છે તે જિલ્લાના કિસ્સામા આ ઠરાવ થયાની તારીખ પછી જે તે વિભાગ/વિષયની પ્રતિક્ષા યાદીઓ પુર્ણ ન થાય ત્યાં સુધી જિલ્લાફેર અરસપરસ સિવાયની કોઇ પણ પ્રકારની જિલ્લાફેર બદલી માટેની જે તે વિભાગ/વિષયની અરજીઓ સ્વીકારવાની રહેશે નહી. જે જિલ્લામાં જે તે વિભાગ/વિષયમાં જિલ્લાફેર એકતરફી **ઓફલાઇન(Offline)** બદલી માટેની અગ્રતા/સામાન્ય શ્રેયાનતા યાદી પૂર્ણ થયા બાદ પછીના બીજા જ વર્ષથી જિલ્લાફેર એકતરફી ઓનલાઇન(Online) બદલીઓ કરવાની રહેશે.

(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નક્કી કરે તે માસની પહેલી તારીખે જિલ્લામાં ખાલી પડનાર તમામ જગ્યાઓ વિભાગ/વિષય મુજબ જિલ્લાફેર બદલીથી ભરી શકાશે. જિલ્લાફેર બદલીથી ભરવાપાત્ર જગ્યાઓના ૫૦ ટકા જગ્યાઓ આ ઠરાવના અગ્રતા <u>પ્રકરણ-(E)(અ)</u> ની જોગવાઇ મુજબ ભરી શકાશે અને બાકીની જગ્યાઓ શ્રેયાનતાના ધોરણે જિલ્લાફેર બદલીથી ભરવાની રહેશે. અગ્રતાના કિસ્સામાં ઉમેદવારો ન મળવાના કારણે બાકીની જગ્યાઓ શ્રેયાનતાના ધોરણે જિલ્લાફેર બદલીથી ભરવાની રહેશે.

(3) જિલ્લાફેર બદલી અંગેની જે તે જિલ્લામાં જિલ્લા ફેરબદલી રજિસ્ટરમાં નોંધાયેલ અરજીઓ પૈકી બાકી અરજીઓને નીચે મુજબના વિભાગ/વિષયમાં <u>પ્રકરણ- E ના (અ)</u> મુજબની અગ્રતા અને સામાન્ય શ્રેયાનતા મુજબ વહેંચવાની રહેશે અને તે મુજબ ૮ પ્રકારના શ્રેયાનતા રજિસ્ટર નિભાવવાના રહેશે.

| | |
|---|---|
| (૧)પ્રાથમિક( ધો.૧ થી ૫ ) અગ્રતા | (૨) પ્રાથમિક( ધો.૧ થી ૫ ) શ્રેયાનતા |
| (૩)ઉચ્ચ પ્રાથમિક( ધો.૬ થી ૮ ) - ભાષાઓ અગ્રતા | (૪)ઉચ્ચ પ્રાથમિક( ધો.૬ થી ૮ ) - ભાષાઓ શ્રેયાનતા |
| (૫) ઉચ્ચ પ્રાથમિક( ધો. ૬ થી ૮ ) - ગણિત વિજ્ઞાન અગ્રતા | (૬) ઉચ્ચ પ્રાથમિક( ધો. ૬ થી ૮ ) - ગણિત વિજ્ઞાન શ્રેયાનતા |
| (૭) ઉચ્ચ પ્રાથમિક ( ધો. ૬ થી ૮ ) - સામાજિક વિજ્ઞાન અગ્રતા | (૮) ઉચ્ચ પ્રાથમિક ( ધો. ૬ થી ૮ ) - સામાજિક વિજ્ઞાન શ્રેયાનતા |

| | |
|---|---|
| (૪) | પ્રાથમિક વિભાગ ધો.૧ થી ૫ માટે વિદ્યાસહાયક/શિક્ષકની મૂળ જિલ્લામાં ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ થયેથી જે વર્ષે જિલ્લાફેર માટે કરેલ અરજી જે તે જિલ્લામાં નોંધાયેલ હોય તે વર્ષને ધ્યાને લઈ પ્રવરતા(સિનિયોરીટી) યાદીમાં તે અરજીનો સમાવેશ કરવાનો રહેશે.<br><br>ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધો.૬ થી ૮ માટે વિદ્યાસહાયક/શિક્ષકની મૂળ જિલ્લામાં ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ થયેથી જે વર્ષે જિલ્લાફેર માટે કરેલ અરજી જે તે જિલ્લામાં નોંધાયેલ હોય તે વર્ષને ધ્યાને લઈ પ્રવરતા(સિનિયોરીટી) યાદીમાં તે અરજીનો સમાવેશ કરવાની રહેશે.<br><br>ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં જે શિક્ષકો દ્વારા તેઓ ધો.૧ થી ૫ મા કામ કરતા હતા અને જિલ્લાફેર બદલીની અરજી કરેલ હોય અને ત્યારબાદ ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિકલ્પ સ્વીકારેલ હોય અને તેની જાણ જે જિલ્લામાં અરજી કરેલ છે તે જિલ્લાને કરેલ હોય તેવા કિસ્સામાં તેઓની અરજી ધો.૬ થી ૮ મા જે તે વિષયના રજિસ્ટરમાં નોંધવાની રહેશે અને આ માટે તેઓએ ધો.૧ થી ૫ માં જિલ્લાફેર બદલીની મૂળ અરજી જે વર્ષે કરેલ હોય તે વર્ષથી તેઓની પ્રવરતા(સિનિયોરીટી) ગણવાની રહેશે. |
| (૫) | અગ્રતાનો લાભ આપવાના કિસ્સામાં જે વર્ષમાં અગ્રતા માટે અરજી કરે ત્યારથી જ અગ્રતાની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. એટલે કે અગાઉ અરજી કરેલ હોય અને ત્યાર પછીના વર્ષોમાં અગ્રતાના લાભ માટે અરજી કરે તો જે વર્ષે અગ્રતાના લાભ માટેની અરજી આપેલ હોય તે વર્ષથી અગ્રતાની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. |
| (૬) | વિદ્યાસહાયક/શિક્ષક સામે ખાતાકીય તપાસ ચાલુ, સૂચિત કે પડતર હશે તથા પોલીસ કેસ કે ફોજદારી અદાલતી કાર્યવાહી ચાલતી હોય તથા સરકારી લેણું બાકી હોય તેઓની કોઈ પણ પ્રકારની જિલ્લાફેર બદલીની માંગણી ગ્રાહ્ય રાખી શકાશે નહી. પરંતુ જિલ્લામાં આંતરિક બદલી થઇ શકશે અને તેની વિગતો આંતરિક બદલી જે તાલુકામાં થાય તે સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવાની રહેશે. |
| (૭) | જિલ્લાફેર બદલી અન્વયે વિદ્યાસહાયક/શિક્ષકને છૂટા કરતાં પહેલા તેમની પાસેથી મકાન બાંધકામ પેશગી/વાહન પેશગી સિવાય અન્ય સરકારી લેણાની વસૂલાત કરી લેવાની રહેશે. મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીની બાકી વસૂલાતની વિગતો વિદ્યાસહાયક /શિક્ષકના છેલ્લા પગારના પ્રમાણપત્ર(એલ.પી.સી.)માં દર્શાવવાની રહેશે તથા મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીની મૂળ ફાઇલ બદલીવાળા જિલ્લાને મોકલી આપવાની રહેશે. |
| (૮) | જિલ્લાફેર બદલીની કાર્યવાહી જાહેર કેમ્પ દ્વારા કરવાની રહેશે. જે માસમાં કેમ્પ જાહેર થાય તે માસની પહેલી તારીખે જે જગ્યા ખાલી હોય તે જગ્યાઓ કેમ્પમાં વિભાગ/વિષય મુજબ નોટિસ |

| | |
|---|---|
| | બોર્ડ પર દર્શાવવાની રહેશે. કેમ્પમાં શાળા પસંદગી ન કરનાર તથા કેમ્પમાં ગેરહાજર રહેનાર ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકનો પ્રવરતા(સિનિયોરીટી) ક્રમ કાયમી રદ ગણી, ત્યાર પછીના અગ્રતા/શ્રેયાનતા વાળા ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની બદલી કરવાની રહેશે. આ સ્થિતિમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના બે ગણાં શિક્ષકોને પ્રવરતા(સિનિયોરીટી) યાદીમાથી બોલાવવાના રહેશે. તેમ છતાં પણ જગ્યા ખાલી રહે તો બીજા તબકકો(Second Round) કરી પ્રવરતા(સિનીયોરીટી) યાદીમાં ઉપલબ્ધ શિક્ષકોને જ જિલ્લાફેરની તમામ જગ્યાઓ ભરાઈ જાય ત્યાં સુધી બોલાવી શકાશે. |
| (૯) | જિલ્લાફેર બદલીમાં પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં જે તે વર્ષની અગ્રતા/ શ્રેયાનતા યાદી પૂરી થયા બાદ જ પછીના વર્ષની અગ્રતા/શ્રેયાનતા યાદીમાંથી જિલ્લાફેરની નિમણૂક આપવાની રહેશે. બદલી માટે અગ્રતા તથા સામાન્ય એમ બંને પ્રકારની શ્રેયાનતા યાદી અલગ-અલગ બનાવવાની હોવાથી અગ્રતા ક્રમવાળી જે તે વર્ષની યાદી પૂરી થઇ જાય અને છતાંય તે વિભાગ/વિષય માટે બદલીથી ભરવાની જગ્યાઓ ઉપલબ્ધ હોય તો તે પછીના બીજા વર્ષની અગ્રતાની યાદીમાંથી પણ તે જગ્યાઓ ભરી શકાશે. |
| (૧૦) | ઉપરોક્ત તમામ ખાલી જગ્યાઓ ભરાઈ ગયા બાદ બાકી રહેલા વધારાના ઉમેદવાર પરત જશે. પરંતુ તેઓનો હકક આગામી કેમ્પ માટે ચાલુ રહેશે. |
| પ્રકરણ-M | |
| **જિલ્લાફેર એકતરફી ઓનલાઇન(Online) બદલી :-** | |
| (૧) | નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નકકી કરે ત્યારે જે જિલ્લામા વિભાગ/વિષય મુજબના જ્યારે પ્રતિક્ષા યાદીના રજિસ્ટર નથી એટલે કે તેઓના જિલ્લામા જિલ્લાફેર બદલીથી આવનારની અગ્રતા/સામાન્ય શ્રેયાનતા મુજબ જે તે વિભાગ/વિષયની શ્રેયાનતા રજીસ્ટરે એક પણ અરજી બાકી રહેવા પામેલ નથી તેવાં જિલ્લાઓએ વિદ્યાસહાયક/શિક્ષકની જે તે વિભાગ/વિષયની અગ્રતા/સામાન્ય શ્રેયાનતા જે પણ પૂર્ણ થયેલ હોય તેની જિલ્લાફેર એકતરફી બદલી ઓનલાઈન પદ્ધતિથી કરવાની રહેશે. જે જિલ્લામાં વિભાગ વિષય/માધ્યમ વાર શ્રેયાનતા યાદી પૂર્ણ થતા ખાલી જ્ગ્યા રહેલ હોઇ તે જિલ્લામાં સામાન્ય સંજોગોમાં તે જ વર્ષે ઓનલાઇન જિલ્લાફેર બદલી કેમ્પ કરવાનો રહેશે. |
| (૨) | જયારે બદલી કેમ્પ જાહેર થાય તે માસની પહેલી તારીખની સ્થિતિએ વિભાગ/વિષયવાર ચોખ્ખી તમામ ખાલી જગ્યાઓ જિલ્લાફેર બદલીથી ભરવાની રહેશે. ઉક્ત તમામ ખાલી જગ્યાઓની ૫૦ ટકા જગ્યાઓ પ્રકરણ-(E)(અ) મુજબની અગ્રતાથી ભરી શકાશે. બાકીની જગ્યાઓ શ્રેયાનતાના ધોરણે જિલ્લાફેર બદલીથી ભરવાની રહેશે. |
| (૩) | જિલ્લામા ચોખ્ખી તમામ ખાલી જગ્યા મુજબ જિલ્લાફેર ઓનલાઇન બદલી માટે નિયામકશ્રી |



88

| | |
|---|---|
| | પ્રાથમિક શિક્ષણ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મંગાવી ઓનલાઇન (Online) પદ્ધતિથી બદલી કરવાની રહેશે. |
| (૪) | જે તે જિલ્લાની તાલુકાવાર ચોખ્ખી ખાલી જગ્યાવાળી શાળાઓની યાદી, પ્રાથમિક વિભાગની ખાલી જગ્યાવાળી શાળાઓ તેમજ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે.(૧. ભાષા, ૨.ગણિત-વિજ્ઞાન ૩.સામાજિક વિજ્ઞાન) ની મંજૂર થયેલ મહેકમ મુજબ ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાઓ ઓનલાઇન અપલોડ કરવાની રહેશે. |
| (૫) | જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી કેમ્પ માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે શાળાવાર વિભાગ/વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યાઓની ચકાસણી કરાવી ખરાઇ કરીને સંકલિત કરી જિલ્લા કક્ષાએથી ભરવાપાત્ર જગ્યાઓ જ ઓનલાઇન અપલોડ કરવાની રહેશે. |
| (૬) | જે વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર એકતરફી બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ/વેબપોર્ટલ પર માગેલ વિગતો ભરી ઓનલાઇન અરજી સબમિટ કરવાની રહેશે. વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી કેમ્પ બે ભાગમાં કરવાનો રહેશે. જેમાં પ્રથમ ભાગમાં વિદ્યાસહાયક/શિક્ષકએ જિલ્લાની પસંદગી કરવાની રહેશે. જિલ્લા પસંદગી દરમિયાન દર્શાવેલ તમામ જિલ્લામાંથી વધુમાં વધુ કોઇ પણ ત્રણ જિલ્લા અગ્રીમતાના ધોરણે પસંદ કરવાના રહેશે. અને બીજા ભાગમાં પસંદ કરેલ જિલાની શાળાઓ અગ્રિમતાના ધોરણે પસંદગી કરવાની રહેશે. જો કોઇ વિદ્યાસહાયક/શિક્ષક પ્રથમ ભાગમાં જિલ્લા પસંદ કર્યા બાદ બીજા ભાગમાં પસંદ કરેલ જિલ્લાની એક પણ શાળા પસંદ નહિ કરે તો તેની અરજી જે તે વર્ષ માટે રદ ગણાશે.<br>પ્રથમ રાઉન્ડના અંતે બાકી રહેલ ખાલી જગ્યા તથા પ્રથમ રાઉન્ડમાં બદલી થવાના કારણે ખાલી પડેલ જગ્યાઓની યોગ્ય ચકાસણી કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જનરલ રાઉન્ડ માટે ઓનલાઇન ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે. સામાન્ય તબકકા(General Round)માં પણ પ્રથમ તબકકામાં(First Round)ની જેમ પ્રક્રિયા અનુસરવાની રહેશે. પરંતુ પ્રથમ તબકકામાં(First Round)માં જેઓની અરજી રદ કરવામાં આવેલ છે. તે સામાન્ય તબકકા(General Round)માં ભાગ લઇ શકશે નહિ. |
| (૭) | વિદ્યાસહાયક/શિક્ષક સામે કોઇ ખાતાકીય તપાસ ચાલુ, સૂચિત કે પડતર હશે કે પોલીસ કેસ કે ફોજદારી અદાલતી કાર્યવાહી ચાલતી હોય કે સરકારી લેણુ બાકી હોય કે છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ હોય તેઓની કોઇ પણ પ્રકારની જિલ્લાફેર બદલીની માગણી ગ્રાહ્ય રાખી શકાશે નહિ. પરંતુ જિલ્લામાં આંતરિક બદલી થઇ શકશે અને તેની વિગતો સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવાની રહેશે. |
| (૮) | જિલ્લાફેર બદલી અન્વયે વિદ્યાસહાયક/શિક્ષકને છૂટા કરતા પહેલા તેમની પાસેથી મકાન |

| | |
|---|---|
| | બાંધકામ પેશગી/વાહન પેશગી સિવાય અન્ય સરકારી લેણાની વસુલાત કરી લેવાની રહેશે. મકાન બાંધકામ પેશગી/ વાહન પેશગીની બાકી વસુલાતની વિગતો વિદ્યાસહાયક/શિક્ષકના એલ.પી.સી.માં દર્શાવવાની રહેશે તથા મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીની મૂળ ફાઇલ બદલીવાળા જિલ્લાને મોકલી આપવાની રહેશે. |
| (૯) | સબમિટ થયેલ અરજીની બે પ્રિન્ટ કાઢી કચેરીની નકલ સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જરૂરી આધાર-પુરાવા જોડીને રજૂ કરવાની રહેશે. |
| (૧૦) | સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના લોગીન(Login)માં જઈ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને આપવાની રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અરજી માન્ય/અમાન્યનો અભિપ્રાય આપી અમાન્ય હોય તો પોતાના લોગીન(Login)માં જઈ ઓનલાઈન યોગ્ય કારણો નોધવાના રહેશે તથા દિન-3 માં માન્ય ન કરવાના કારણો સાથેની માન્ય/અમાન્ય તમામ અરજીઓ ઓનલાઈન(Online) તથા હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે. |
| (૧૧) | સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને અરજી બાબતે જો કોઇ વાંધો રજૂ થયેલ હોય તો તે અંગે નિયમોનુસાર નિર્ણય લઇ તેઓને આપેલ પોતાના જિલ્લાના લોગઇનમાં જઇ વાંધાવાળી તથા બીજી આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી માન્ય/અમાન્યનો સ્પષ્ટ નિર્ણય કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે. જેનો લેખિતમાં હુકમ કરી સંબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને જાણ કરવાની રહેશે. |
| (૧૨) | ઉપર મુજબની કામગીરી પુર્ણ થયા બાદ વેબસાઇટ/વેબપોર્ટલ દ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત વિદ્યાસહાયક/શિક્ષકના બદલી હુકમ(Order) તૈયાર થશે. |
| (૧૩) | બદલી માટે અરજી કરેલ અને નિયમોનુસાર બદલીપાત્ર થતા વિદ્યાસહાયક/શિક્ષકએ વેબસાઇટ ઉપરથી બદલી ઓર્ડરની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે. |
| (૧૪) | બન્ને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સમગ્ર બદલીના હુકમોની પ્રિન્ટ કરી ફાઇલે રાખવાના રહેશે તથા સમગ્ર બદલી હુકમોની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફતે ખરાઇ કરવાની રહેશે. |
| (૧૫) | ઓનલાઇન બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી ક્ષતિ ઊભી થાય તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિર્ણય લેશે અને ટેકનિકલ ક્ષતિ ઊભી થાય તો તેનો આખરી નિર્ણય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ લેવાનો રહેશે. |
| (૧૬) | ઓનલાઈન જિલ્લાફેર બદલી કેમ્પમાં વિદ્યાસહાયક/શિક્ષકએ માંગણી કરેલ શાળાઓમાંથી જો કોઈ પણ શાળાનો હુકમ જનરેટ ન થાય એટલે કે તેણે પસંદ કરેલ શાળાઓમાંથી કોઈ પણ શાળાનો હુકમ ન મળે ત્યાં સુધી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા જાહેર કરવામાં આવતા |



૧૪

| | |
|---|---|
| | તમામ જિલ્લાફેર ઓનલાઈન બદલી કેમ્પમાં તે ભાગ લઇ શકશે. પરંતુ એક વાર પસંદ કરેલ શાળાનો હુકમ મળે તે કોઈ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. |
| (૧૭) | કમ્પ્યુટરાઇઝડ બદલી હુકમમાં જે જિલ્લામાં બદલીથી જવાનું છે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રિન્ટ થયેલી સહી માન્ય ગણાશે. |
| (૧૮) | નગરપાલિકા/મહાનગર પાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિઓ માટે શાસનાધિકારીશ્રીએ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે. |
| **પ્રકરણ-N** | |
| **જિલ્લા આંતરિક/જિલ્લાફેર અરસ-પરસ બદલીઓ :-** | |
| (૧) | અરસપરસ બદલી નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની સૂચના થયેથી કેમ્પથી જ કરવાની રહેશે, પરંતુ શિક્ષકની હાજરીની જરૂરિયાત રહેશે નહી. જિલ્લામાં આંતરિક કે જિલ્લાફેર અરસપરસ બદલી ઇચ્છતા વિદ્યાસહાયક/શિક્ષકો દર વર્ષે તારીખ ૧ માર્ચથી ૩૧ માર્ચ સુધીમાં પોતાની અરજી પોતાના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ૧ થી ૧૦ એપ્રિલ સુધીમાં પોતાની જિલ્લા કચેરીમાં જમા કરાવવાની રહેશે. અરસપરસ બદલી માટે કરેલ અરજી વિદ્યાસહાયક/શિક્ષક રદ કરી શકશે નહિ. |
| (૨) | અરસપરસ બદલી માટે અરજી કરનાર બંને વિદ્યાસહાયક/શિક્ષક એક જ માધ્યમમાં નોકરી કરતાં હોવા જોઇશે તથા તેઓ બંનેના વિભાગ/વિષય પણ એક સરખા હોવા જોઇશે. |
| (૩) | આંતરિક અરસ-પરસ તથા જિલ્લા અરસ-પરસ બંન્નેનો લાભ સમગ્ર નોકરી દરમિયાન એક-એક વખત જ મળવાપાત્ર રહેશે. |
| (૪) | અરસ-પરસ બદલીનો લાભ મેળવેલ બંને કર્મચારીની સેવાપોથીમાં આ અંગેની નોંધ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે. |
| (૫) | અરસ-પરસ બદલીના કિસ્સામાં વિદ્યાસહાયક/શિક્ષકને એકબીજાની શાળામાં જ મૂકવાના રહેશે. અન્ય શાળામાં અરસ-પરસ બદલીથી નિમણૂંક આપી શકાશે નહીં. |
| (૬) | જો અરસપરસ બદલી કરાયેલ વિદ્યાસહાયક/શિક્ષક બદલી થયેલ જગ્યાએ હાજર ન થાય કે લાંબી રજા મંજૂર કરાવીને કે અનધિકૃત લાંબી રજા પર જાય તેવા સંજોગોમાં બાળકોના શિક્ષણને વિપરિત અસર થવાની પૂરી સંભાવના રહે છે. શિક્ષણના વિશાળહિતને ધ્યાને લેતાં આવા કિસ્સામાં <u>ખોટું સ્વઘોષણા ફોર્મ</u> રજૂ કરનાર કર્મચારીને રજૂઆતની એક તક આપી <u>ખોટું સ્વઘોષણા ફોર્મ</u> રજૂ કરવા બદલ તેના પર કાયદાકીય રાહે પોલીસ ફરિયાદ નોંધાવવાની રહેશે. |
| (૭) | ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/શિક્ષક સામે ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં |



२८

| | |
|---|---|
| | જોડાયેલ વિદ્યાસહાયક/શિક્ષક અરસપરસ બદલી પોતાના વિભાગ અને વિષયમાં માંગે ત્યારે બંને શિક્ષકોનો ૧૦ વર્ષ પૂર્ણ કરવાનો જેટલો સમયગાળો બાકી હશે તે અરસપરસ બદલીથી ગયેલ તાલુકામાં તેટલા સમયગાળા પૂરતો ફરીથી (બાંહેધરી આપવાની) શરતે અરસપરસ બદલીનો લાભ આપી શકાશે. પરંતુ કોઈપણ સંજોગોમાં બાંહેધરીવાળા શિક્ષકની સામે ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે (બાંહેધરી આપી) નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/ શિક્ષક સિવાયના શિક્ષકની અરસપરસ બદલી થઈ શકશે નહી.<br>૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/ શિક્ષક ૦૫ વર્ષ બાદ જિલ્લાફેર અરસ પરસ બદલી માટે અરજી કરી શક્શે. પરંતુ આવી બાંહેધરીવાળી જગ્યા પર આવનાર શિક્ષકે બાંહેધરી મુજબ ૧૦ વર્ષ પૂર્ણ કરવાનો જેટલો સમયગાળો બાકી હશે તે ત્યાં સુધી તે જ જગ્યા પર ફરજ બજાવશે તે મુજબની નવેસરથી એક જ તાલુકામાં ફરજ બજાવવા બાંહેધરી રજૂ કરવાની રહેશે. |
| (૮) | અરસ પરસ બદલીના કિસ્સામાં વિદ્યાસહાયક/શિક્ષક ને એકબીજાની શાળામાં જ મૂકવાના રહેશે. અન્ય શાળામાં અરસ પરસ બદલીથી નિમણુંક આપી શકાશે નહી પરંતુ જો અરસ પરસ બદલીની પ્રક્રિયા દરમિયાન જો કોઇ એક શિક્ષકની કોઇ પણ કારણોસર બદલી થાય તો અરસ પરસ બદલીથી આવનાર શિક્ષકે બદલીવાળી જગ્યાએ હાજર થવાનું રહેશે આ માટે અરસ પરસ બદલી કરાવનાર બન્ને શિક્ષકોએ સંમતિ લખી આપવાની રહશે. |
| **(અ) જિલ્લા આંતરિક અરસપરસ :-** | |
| (૧) | જિલ્લા આંતરિક અરસપરસ માંગનાર વિદ્યાસહાયક/શિક્ષક જે તે વર્ષના આંતરિક અરસપરસ બદલી કેમ્પમાં ઉપસ્થિત થવા માંગતા હોય તો તે બંને શિક્ષકની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૫૬ વર્ષ કરતા વધુ હોય તો તેઓ અરજી કરી શકશે નહીં તથા તેઓની અરસપરસ બદલી થઇ શકશે નહી. |
| (૨) | વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લામા આંતરિક અરસપરસ બદલી થયેથી ૨(બે) વર્ષ સુધી રાજીનામુ આપી શકશે નહી તથા સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ શકશે નહીં અને આવા કિસ્સામા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાજીનામું તથા સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરી શકશે નહીં. ઉપરાંત આ મુજબની લેખિત બાહેધરી અંગે અરસપરસ બદલી પામેલ બંને શિક્ષકોએ સ્વઘોષણા(Self declaration) ફોર્મ આપવાનું રહેશે. જેની નોંધ સબંધિતની સેવાપોથીમાં કરવાની રહેશે. |
| **(બ) જિલ્લાફેર અરસપરસ :-** | |
| (૧) | જિલ્લાફેર અરસપરસ બદલી કેમ્પમાં ઉપસ્થિત થવા માંગતા હોય તે બંને શિક્ષકની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૫૫ વર્ષ કરતાં વધુ હોય તેઓ અરજી કરી શકશે નહીં તથા તેઓની અરસપરસ બદલી થઇ શકશે નહી. |

(૨) વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર અરસપરસ બદલી થયેથી ૩(ત્રણ)વર્ષ સુધી રાજીનામુ આપી શકશે નહી તથા સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ શકશે નહી અને આવા કિસ્સામા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાજીનામુ તથા સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરી શકશે નહી. ઉપરાંત અરસપરસ બદલી પામેલ બંને શિક્ષકોએ આ અંગેનું સ્વઘોષણા(Self declaration) ફોર્મ આપવાનું રહેશે. જેની નોધ સબંધિતની સેવાપોથીમાં કરવાની રહેશે.

(૩) સદર બદલી જિલ્લાફેર બદલી ગણાશે અને તેનો લાભ સમગ્ર નોકરી દરમિયાન ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે. આવી બદલી થયેલ કર્મચારી અન્ય કોઈ રીતે જિલ્લાફેર માંગી શકશે નહી.

## પ્રકરણ-૦

### અસાધ્ય રોગ અને ગંભીર બીમારીઓના કિસ્સાઓની જિલ્લામાં આંતરિક/જિલ્લા ફેર બદલીઓ :-

(૧) વિદ્યાસહાયક/શિક્ષકને ફક્ત પોતાને અથવા પોતાના પતિ/પત્ની કે તેઓના સંતાનો નીચે જણાવેલ અસાધ્ય અને ગંભીર રોગથી પીડાતા હોય તેવા કિસ્સાઓમાં ખાસ કિસ્સામાં તબીબી કારણોસર બદલી ગુણદોષને આધારે કરવામાં આવશે.

(૨) અસાધ્ય અને ગંભીર રોગોમાં કેન્સર, ઓપન હાર્ટ સર્જરી, ન્યુરો સર્જરી, બોર્ન ટીબી, કિડની ટ્રાન્સપ્લાન્ટ, ડાયાલીસીસ, મગજનો લકવો, જન્મ સમયે બાળકના હૃદયમા કાણું, બાળકને જન્મથી મેજર ડાયાબીટીસ, થેલેસેમીયા, હિમોફીલીયા, લેપ્ટો સ્પાયરોસીસ, એઇડ્સ, મ્યુકરમાઇકોસીસ *અથવા મેડીકલ બોર્ડ નકકી કરે તેવા રોગોને અસાધ્ય અને ગંભીર રોગ ગણવાના રહેશે.*

(૨-અ) વિદ્યાસહાયક/શિક્ષક અથવા તેમના પતિ/પત્ની કે સંતાનોને ગંભીર પ્રકારની ઇજા થવાના કારણે કાયમી અશક્તતા આવી જાય અને કાયમી અશક્તતા અંગેનુ તબીબી પંચનું પ્રમાણપત્ર રજૂ કરવામા આવે તો તેવા કેસમા ગુણદોષના આધારે રાજય સરકાર વિદ્યાસહાયક/શિક્ષકની બદલી કરી શકશે.

(૩) ખાસ કિસ્સામાં તબીબી કારણોસરની બદલી માટે અરજી સાથે વિદ્યાસહાયક/શિક્ષક જે જિલ્લામાં ફરજ બજાવતાં હોય તે જિલ્લા માટે ઝોનવાઇઝ અધિકૃત કરેલ સ્થાયી તબીબી પંચનુ પરિશિષ્ટમાં સામેલ નિયત નમૂના મુજબનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઝોનવાઇઝ જિલ્લા નીચે મુજબ રહેશે.

| ક્રમ | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા અને સુરેન્દ્રનગર |

| | | |
|---|---|---|
| ૨ | વડોદરા | વડોદરા, પંચમહાલ, દાહોદ, આણંદ, ખેડા, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા |
| ૩ | સુરત | સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી |
| ૪ | જામનગર | જામનગર, રાજકોટ, મોરબી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, કચ્છ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને બોટાદ |

- ઉકત ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા સંદર્ભે સરકારશ્રી દ્વારા વખતો વખતના સુધારા અમલમાં રહેશે.
- જે તે વિદ્યાસહાયક/શિક્ષકના ફરજના સ્થળ મુજબ લાગુ પડતા તબીબી બોર્ડ સિવાય પણ જો રાજ્ય સરકારને યોગ્ય જણાય ત્યારે સંબંધિત તબીબી બોર્ડ સિવાય દર્દીની ચકાસણી માટે અન્ય તબીબી બોર્ડ સમક્ષ રીફર(Refer) કરી શકશે.

| | |
|---|---|
| (૪) | ખાસ કિસ્સાની તબીબી કારણોસર બદલી કરતી વખતે માંગણી મુજબના તાલુકા/જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા પર બદલી કરવાની રહેશે. |
| (૫) | ખાસ કિસ્સામાં તબીબી કારણોસરની બદલી માટેની અરજી વિદ્યાસહાયક/શિક્ષકએ સૌપ્રથમ જે તે તાલુકામાં આપવાની રહેશે. તાલુકા કક્ષાએથી જો અરજી યોગ્ય હોય તો વિના વિલંબે દિન-૧૦ માં જિલ્લા કક્ષાએ રજૂ કરવાની રહેશે. જિલ્લા કક્ષાએથી તબીબી પ્રમાણપત્ર મળ્યેથી આધાર પુરાવા સાથે દરખાસ્ત દિન-૧૫ માં નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીની કચેરીએ દિન-૧૫ માં ચકાસણી કરી જો કોઈ પૂર્તતા હોય તો પરત મોકલાવવાની રહેશે અને વેરીફિકેશન થઇ પરત આવે દિન-૧૫ માં શિક્ષણ વિભાગમાં મોકલાવવાની રહેશે. શિક્ષણ વિભાગ એ આખરી પૂર્તતા થઇ આવે દિન-૬૦ માં નિર્ણય લેવાનો રહેશે. આ જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. બિનજરૂરી વિલંબ ન થાય તેની કાળજી સંબંધિત અધિકારીએ રાખવાની રહેશે. આવા કેસોને 'ટોચઅગ્રતા' આપવાની રહેશે.<br>વખતો-વખત આવા કેસોની સમીક્ષા અધિક સચિવ/સંયુકત સચિવ/નાયબ સચિવ કક્ષાના અધિકારીએ કરવાની રહેશે. |
| (૬) | તબીબી કારણોસર બદલી કરવાની સત્તા ફકત સરકાર કક્ષાએ રહેશે. તબીબી કારણોસર બદલી થયેલ કર્મચારી, આંતરિક અરસ-પરસ કે જિલ્લાફેર અરસ-પરસ કે જિલ્લાફેર બદલીમાં ભાગ લઇ શકશે નહીં. |
| (૭) | બદલીનો હુકમ થયા બાદ પણ સરકારશ્રીને યોગ્ય લાગે તો દર્દીને પુન:તપાસણી માટે તબીબી બોર્ડ સમક્ષ હાજર રહેવાની સૂચના આપી શકશે. |

## પ્રકરણ-P

**વહીવટી કારણોસરની બદલીઓ :-**

| | |
|---|---|
| (૧) | શાળામા વિદ્યાસહાયક/શિક્ષકની અનિયમિત હાજરી, નૈતિક અધ:પતન, શૈક્ષણિક કામગીરીની નબળી ગુણવત્તા, કર્મચારીઓ વચ્ચેનો આંતરિક ખટરાગ, વિદ્યાસહાયક/શિક્ષકને ન છાજે તેવુ તથા શૈક્ષણિક વ્યવસાયની ગરિમાને લાંછનરૂપ વર્તન, નાણાંકીય ગેરરીતિ, શાળા વ્યવસ્થાપન સમિતિ(S.M.C)/ ગ્રામજનોની પુરાવા આધારિત ફરિયાદ, રાજકીય પ્રવૃત્તિનું આચરણ, કાયદા દ્વારા પ્રતિબંધિત હોય તેવુ બાળકો સાથેનું વર્તન તથા મહિલા શિક્ષિકાના સલામતીના કારણોસર તથ્ય છે તેવો જો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સંતોષ થાય અને વહીવટી કારણોસર બદલી કરવી અનિવાર્ય જણાય તો વિદ્યાસહાયક/શિક્ષકની વહીવટી કારણોસરની બદલી સામાન્ય સંજોગોમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની લેખિતમાં પૂર્વ મંજુરી વગર કરી શકાશે નહીં અને જયાં સુધી મંજુરી મળે નહીં ત્યાં સુધી તેઓને હાલની શાળામાંથી છૂટા કરી અન્ય શાળામાં મુકી શકાશે નહીં. અસાધારણ સંજોગોમાં નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ સાથે રૂબરૂ પરામર્શ કરી તત્કાલ પગલાં લેવાં જરૂરી હોય તો સંમતિ મેળવી હુકમ કરી શકાશે અને આવી વહીવટી કારણોસરની બદલી કર્યા બાદ દિન-૭ માં નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની લેખિત બહાલી મેળવી લેવાની રહેશે. |
| (૨) | વહીવટી બદલીના કિસ્સામાં કોઈપણ શિક્ષકની સલામતીના કારણોસર બદલી કરવાની સ્થિતિ ઊભી થાય તો<br>(૧)........<u>મહિલાના કિસ્સામાં</u> તે જિલ્લાના અધિકારીઓ પૈકી વર્ગ-૧ થી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈપણ વિભાગના મહિલા અધિકારીની અધ્યક્ષતામાં જે તે તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને તે જિલ્લાની કોઈપણ હાઈસ્કૂલ/કોલેજના મહિલા આચાર્ય/પ્રોફેસરની એક 'સમિતિ' રહેશે. તેઓએ રજૂઆતના દિન-૧૫ માં તેવા કિસ્સાઓની તપાસ કરી જો સલામતીના કારણોસર બદલી કરવાની ભલામણ કરે તો જે તે જિલ્લામાં સદર મહિલા કર્મચારીના વિભાગ/વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યા પર વહીવટી બદલી કરી શકાશે. પરંતુ જિલ્લા ફેરબદલી કરી શકાશે નહિ. આ માટેની 'સમિતિ'ના સભ્યોના નામ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીની મંજૂરીથી નક્કી કરવાના રહેશે.<br><br>(૨) .........<u>પુરૂષ શિક્ષકોના</u> કિસ્સામાં તે શિક્ષકને જે તે જગ્યાએ કામ કરવામાં સલામતીનું જોખમ છે તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(DIET) પ્રાચાર્યશ્રીની બનેલી સમિતિ દ્વારા જિલ્લામાં વહીવટી બદલી કરવામાં વિચારણા કરવાની રહેશે. તેઓ દ્વારા તેવા કિસ્સાઓની તપાસ કરી જો સલામતીના કારણોસર બદલી કરવાની ભલામણ કરે તો જે તે જિલ્લામાં વહીવટી બદલી સદર કર્મચારીના વિભાગ/વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યા પર કરી શકાશે. પરંતુ જિલ્લા ફેરબદલી |

| | |
|---|---|
| | કરી શકાશે નહિ. |
| (૩) | સલામતીના કારણો સિવાયની શિસ્તભંગના કારણોસર વહીવટી બદલી કરેલ દરેક કિસ્સામા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ દિન-૧૨૦ મા શિસ્ત વિષયક કાર્યવાહી પૂર્ણ કરી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને લેખિતમાં અહેવાલ(Report) મોકલવાનો રહેશે. |
| (૪) | જ્યારે વિદ્યાસહાયક/શિક્ષકની શિસ્ત વિષયક વહીવટી કારણોસરની બદલી કરવામા આવે ત્યારે તેઓને વતન/રહેઠાણ/શહેરી વિસ્તારની નજીકના સ્થળે મૂકવા નહી અને હાલની ફરજના તાલુકાથી દૂરના તાલુકામાં વહીવટી કારણોસરની બદલી કરવાની રહેશે. તેઓને તેમના વિભાગ/વિષયની જ જગ્યા પર મૂકવાનાં રહેશે. |
| (૫) | વહીવટી કારણોસરની બદલીથી બદલાયેલ વિદ્યાસહાયક/શિક્ષકની તમામ પ્રકારની બદલી માટેની પ્રવરતા(સિનિયોરીટી) ગણવા તેઓની જે શાળામા વહીવટી કારણોસરની બદલી કરેલ હોય તે શાળામાં હાજર થયા તારીખ પ્રવરતા(સિનિયોરીટી) માટે ગણતરીમાં લેવાની રહેશે. |
| | **પ્રકરણ-Q** |
| **જિલ્લા વિભાજન અન્વયે કરવાની થતી બદલીઓ :-** | |
| (૧) | જિલ્લા વિભાજનની પ્રક્રિયા દ્વારા નવા જિલ્લા અસ્તિત્વમા આવેલ હોય તેવા કિસ્સામા અગાઉ મૂળ જિલ્લામાં નિમણૂક પામેલા વિદ્યાસહાયક/શિક્ષક પોતાના વિભાગ/વિષય અનુરૂપ મૂળ જિલ્લામાથી નવરચિત જિલ્લામા અને નવરચિત જિલ્લામાથી મૂળ જિલ્લામા જવા માટે વિકલ્પ આપી શકશે તેમજ કોઇ આખા તાલુકાને બીજા જિલ્લામા સમાવેશ કરવામા આવે તો માત્ર તે તાલુકામા ફરજ બજાવતા વિદ્યાસહાયક/શિક્ષક નવા જિલ્લામા ચાલુ રહેવા માગે છે કે મૂળ જિલ્લામા જવા માગે છે તે અંગેનો વિકલ્પ આપી શકશે અને જે ગામને એક જિલ્લામાંથી બીજા જિલ્લામા સમાવવામા આવેલ હોય તો તેવા વિદ્યાસહાયક/શિક્ષક નવા જિલ્લામા રહેવા માંગે છે કે મૂળ જિલ્લામા જવા માંગે છે તે અંગેનો વિકલ્પ આપી શકશે. |
| (૨) | વિદ્યાસહાયક/શિક્ષક વિકલ્પ આપ્યા બાદ સબંધિત વિકલ્પની ચકાસણી કરી વિભાગ/વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યાઓમા કરવાની થતી બદલીઓ જિલ્લા કક્ષાએ કેમ્પમા જ કરી તે જ દિવસે હુકમ આપવાનો રહેશે. |
| (૩) | વિકલ્પ આપ્યા બાદ કેમ્પમા ગેરહાજર રહેનાર કે સ્થળ પસંદગી ના કરનાર વિદ્યાસહાયક / શિક્ષકનો વિકલ્પનો હુકમ રદ થશે તથા ભવિષ્યમા વિકલ્પની વધુ તક આપવાની રહેશે નહી. |
| (૪) | વિકલ્પ કેમ્પમા ખાતામાં દાખલ તારીખની સિનિયોરિટી મુજબના ક્રમથી વિકલ્પ અન્વયે બદલી કરવાની રહેશે. જો ખાતામાં દાખલ તારીખ સરખી હોય તો જન્મ તારીખ ધ્યાને લેવાની રહેશે. જન્મ તારીખ ધ્યાને લઇ જેની ઉંમર મોટી હોય તેને અગ્રિમતા આપવાની રહેશે. જો જન્મ તારીખ પણ સરખી હોય તો વિદ્યાસહાયક/શિક્ષકના ગુજરાતીમાં નામની કક્કાવારી મુજબ |



ટ૪

| | |
|---|---|
| | સિનિયોરિટી નકકી કરવાની રહેશે. |
| (૫) | વિકલ્પ અંગેનુ 'રજિસ્ટર' નિભાવવાનુ રહેશે તથા વિકલ્પથી સમાવવાના બાકી રહેલ વિદ્યાસહાયક/શિક્ષકને જે તે જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાના આધારે નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની સુચના અનુસાર કેમ્પમા ક્રમાનુસાર ખાલી જગ્યાઓમા સમાવવાના રહેશે. |
| (૬) | જિલ્લા વિભાજનના વિકલ્પ અનુસાર બદલી પામેલ શિક્ષકને આંતરિક માંગણી બદલી તથા આંતરિક અરસપરસ માંગણીની બદલી માટે મૂળ શાળાની પ્રવરતા(સિનિયોરીટી) ગણાશે. |
| (૭) | જિલ્લા વિભાજનથી આવનાર વિદ્યાસહાયક/શિક્ષકની વિભાગ/વિષય મુજબની સમગ્ર યાદી પૂરી થયા બાદ જ જિલ્લાફેર એક્તરફી બદલી કેમ્પ/ભરતી કરવાની રહેશે. |
| (૮) | આવી રીતે જિલ્લા વિભાજનથી બદલાયેલ વિદ્યાસહાયક/શિક્ષકની બદલી જિલ્લાફેર ગણાશે નહીં. નગર પાલિકા/મહાનગરપાલિકાઓનું સીમાંકન વિસ્તરણ થવાથી પ્રાથમિક શાળાઓનું હસ્તાતરણ કરવામાં આવે ત્યારે જિલ્લા વિભાજનની પ્રક્રિયા અનુંસરવાની રહેશે. |
| | **પ્રકરણ-R** |
| **રાષ્ટ્રીય/રાજય સુરક્ષા સેવા હેઠળના અધિકારી/કર્મચારીઓના શિક્ષક પતિ/પત્નીની જિલ્લામાં આંતરિક/જિલ્લા ફેરબદલીઓ :-** | |
| (૧) | રાષ્ટ્રીય/રાજય સુરક્ષા સેવા(કેન્દ્ર સરકાર કક્ષાએ લશ્કરી દળોમાં આર્મી, નેવી અને એરફોર્સ તથા અર્ધલશ્કરી દળોમાં કોસ્ટગાર્ડ, આઇ.ટી.બી.પી., સી.આર.પી.એફ., આર.એ.એફ. કમાન્ડો અને મરીન કમાન્ડો, બી.એસ.એફ., સી.આઇ.એસ.એફ. તથા સશસ્ત્ર સીમા બળ, સ્ટેટ કમાન્ડો, એસ.આર.પી.,આર.પી.એફ. માં ફરજ બજાવતાં અથવા ફરજ બજાવતાં સમયે શહીદ થયેલા કર્મચારીઓ (જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય)ના પતિ/પત્ની, કે જેઓ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેઓને તેમના માંગણી કરેલ જિલ્લા/તાલુકામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા હોય ત્યારે જ તેમની બદલી કરી શકાશે. |
| (૨) | વિદ્યાસહાયક/શિક્ષકની નોકરી જિલ્લામાં આંતરિક બદલી માટે ૩(ત્રણ) વર્ષની અને જિલ્લાફેર બદલી માટે ૫(પાંચ) વર્ષની થયેલી હોવી જોઇશે. |
| (૩) | વિદ્યાસહાયક/શિક્ષકના પતિ/પત્ની માન્ય ભરતી પદ્ધતિથી (જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય) નિમાયેલ છે અને ૩(ત્રણ) વર્ષની નોકરી કરેલ છે તે બાબતનુ સબંધિત વહીવટી વિભાગમા મહેકમનો હવાલો ધરાવતા વર્ગ-૧ થી ઊતરતા ન હોય તેવા અધિકારીશ્રી દ્વારા આપેલ આ સાથે "દંપતિ"ના પરિશિષ્ટમા આપેલ નમૂના મુજબનુ પ્રમાણપત્ર જોડવાનુ રહેશે તથા લગ્ન |

| | |
|---|---|
| | નોધણી રજિસ્ટ્રારશ્રીએ આપેલ લગ્ન પ્રમાણપત્રની નકલ જોડવાની રહેશે. પુરાવાના અભાવે આ કેટેગરી માટેની બદલીનો લાભ મળવાપાત્ર રહેશે નહી. |
| (૪) | જિલ્લાની અંદર બદલી માટેની સત્તા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે તથા જિલ્લાફેર બદલી કરવાની સત્તા નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણને રહેશે. |
| (૫) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ આવી બદલીઓ માટે જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી જગ્યા પર જ હુકમ કરશે. |
| (૬) | સદર બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે. આવા કિસ્સામાં વિદ્યાસહાયક/શિક્ષક એ જયારે અગાઉ જિલ્લાફેર બદલી કરાવેલ હોય ત્યારે બદલી થયેલ વિદ્યાસહાયક/શિક્ષક આ કિસ્સામાં કોઈ રીતે જિલ્લાફેર માંગી શકશે નહી. |
| | **પ્રકરણ -૬** |
| **રાજયના વડા મથકના બિનબદલી પાત્ર અધિકારી/કર્મચારીઓના પતિ/પત્નીની જિલ્લા ફેરબદલીઓ :-** | |
| (૧) | રાજયના વડા મથકે ફરજ બજાવતા બિનબદલી પાત્ર અધિકારી/કર્મચારીના પતિ/પત્નીની બદલી ગુજરાત સરકાર/કેન્દ્ર સરકારના રાજયના વડા મથકે ફરજ બજાવતા બિનબદલી પાત્ર સનદી અધિકારીઓ તથા કેન્દ્ર/રાજય સેવાના અને ૩(ત્રણ) વર્ષથી ગાંધીનગરમા ફરજ બજાવતા અને તેમના હોદાની જગ્યા અન્ય જિલ્લામાં નથી તથા રાજયના વડા મથકે ફરજ બજાવતા બિન-બદલીપાત્ર કે જેઓ ગુજરાત સરકારના સચિવાલય સેવાઓ, ગુજરાત વિધાનસભા, ગુજરાત જાહેર સેવા આયોગ અને નામ.ગુજરાત હાઇકોર્ટમા માન્ય ભરતી પદ્ધતિથી નિમણૂક પામેલ(જેના કરારમાં ભવિષ્યમાં નિયમિત મહેકમમાં સમાવવાનો ઉલ્લેખ ના કરેલ હોય તેવા કરાર આધારિત અધિકારી/કર્મચારી સિવાય) અને ૩(ત્રણ) વર્ષની નોકરી પુર્ણ કરેલ હોય અને તેમના હોદાની જગ્યા અન્ય જિલ્લામા નથી તેવા અધિકારી/કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક પતિ/પત્ની રાજયની કોઇ પણ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમા ફરજ બજાવતા હોય અને તેમના પતિ/પત્ની ગાંધીનગરમા ફરજ બજાવતા હોય તો ગાંધીનગર જિલ્લા/નગર શિક્ષણ સમિતિની અને તેમના પતિ/પત્ની નામ.ગુજરાત હાઇકોર્ટમાં ફરજ બજાવતા હોય તો અમદાવાદ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની શાળાઓમા જિલ્લાફેર બદલીથી આવવા માંગતા હોય તો તેઓની જિલ્લાફેર બદલી થઇ શકશે. |
| (૨) | વિદ્યાસહાયક/શિક્ષકની નોકરી આવી બદલી માટે ૫(પાંચ) વર્ષની થયેલી હોવી જોઇશે. |
| (3) | આ પ્રકારની બદલીથી ભરવાની થતી જગ્યાઓ જે તે શૈક્ષણિક વર્ષ દરમિયાન ગાંધીનગર/અમદાવાદ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાથી વધે નહી તેની મર્યાદામાં ભરવાની રહેશે. આ ખાલી જગ્યાઓ માટે જે તે શૈક્ષણિક વર્ષનું સેટ અપ આખરી થયા બાદની સ્થિતિ ધ્યાને લેવાની રહેશે. |

| | |
|---|---|
| (૪) | આ બદલી કરવાની સત્તા નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણને રહેશે. |
| (૫) | સદર બદલી જિલ્લાફેર બદલી ગણાશે અને તેનો લાભ સમગ્ર નોકરી દરમિયાન ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે. આવી બદલી થયેલ કર્મચારી અન્ય કોઈ રીતે જિલ્લાફેર માંગી શકશે નહી. |
| (૬) | બદલી કરાવવા માંગતા વિદ્યાસહાયક/શિક્ષક જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમા ફરજ બજાવતા હોય તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ મારફત જિલ્લાફેર બદલીની અરજી જરૂરી આધાર પુરાવા સાથે ૨(બે) નકલમા કરવાની રહેશે. |
| (૭) | વિદ્યાસહાયક/શિક્ષકના પતિ/પત્ની માન્ય ભરતી પદ્ધતિથી નિમાયેલ છે અને ૩ (ત્રણ) વર્ષની નોકરી કરેલ છે તે બાબતનુ સબંધિત વહીવટી વિભાગમા મહેકમનો હવાલો ધરાવતા વર્ગ-૧ થી ઊતરતા ન હોય તેવા અધિકારીશ્રી દ્વારા આપેલ અને હાઇકોર્ટની સેવાઓના કિસ્સાઓમા રજિસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપેલ આ સાથે 'દંપતિ'ના પરિશિષ્ટમા આપેલ નમૂના મુજબનુ પ્રમાણપત્ર તથા લગ્ન નોધણી રજિસ્ટ્રારશ્રીએ આપેલ લગ્ન પ્રમાણપત્રની નકલ જોડવાની રહેશે. |
| (૮) | પુરાવાના અભાવે આ પ્રકારની બદલીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. |
| | પ્રકરણ-T |
| | પ્રાથમિક શિક્ષકોની કરવાની થતી પ્રતિનિયુક્તિ |
| | સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃટીઆરએફ/૧૦૯૮/૧૪૩૨/ગ-૨ તા.૨૫/૧૧/૨૦૦૫, પરિપત્ર ક્રમાંકઃએમઆઈએસ/૧૦૨૦૧૫/૫૫૬૧૯૫/ગ-૫ તા.૦૫/૦૭/ ૨૦૧૭ તથા પરિપત્ર ક્રમાંકઃટીઆરએફ/ ૧૦૨૦૨૧/૪૩૬૭૪૭/ગ-૨ તા.૧૬/૧૦/૨૦૨૧ અન્વયે જે વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકના કેસમાં તેઓના પતિ કે પત્ની) રાજ્યસેવા (પંચાયત/સરકારી બોર્ડ/ સરકારી નિગમ/ સરકારી કોર્પોરેશન(નગરપાલિકા /મહાનગરપાલિકા)/ સરકારી કંપની/ સરકારી બેંક/ સરકાર દ્વારા અનુદાનિત સંસ્થા) અને પંચાયત સેવાના રાજ્યના કોઈપણ જિલ્લામાં બદલીપાત્ર હોય તેવા કર્મચારી/અધિકારી તરીકે ફરજ બજાવતાં હોય તેમના પતિ/પત્ની આ ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ બદલી થવા પાત્ર ન હોય ત્યારે ઉક્ત ઠરાવો અને પરિપત્રોને ધ્યાને લઈ દંપતિ શક્ય હોય ત્યાં સુધી એક જ જિલ્લામાં સાથે રહી શકે તે માટે તેવા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકની પ્રતિનિયુક્તિ જે તે જિલ્લામાં તેઓના વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂકી શકાશે. આવી પ્રતિનિયુક્તિ માટે નિમણૂંક બાદ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકે ઓછામાં ઓછી ૫(પાંચ) વર્ષની સેવા બજાવેલી હોવી જોઈએ. તથા જે તે જિલ્લાની વિભાગ/વિષય મુજબની ચોખ્ખી ખાલી જગ્યાના ૫૦% જગ્યાઓ ઉપર જ પ્રતિનિયુકિત આપી શકાશે અને આ અંગેના હુકમ કરવાની સત્તા શિક્ષણ વિભાગને રહેશે.. |

| | |
|---|---|
| | *આવી પ્રતિનિયુક્તિ તેઓના પતિ/પત્ની તે જિલ્લામાં ફરજ બજાવે ત્યાં સુધીની રહેશે. આ મુદત પૂર્ણ થયેથી તેઓએ મૂળ જિલ્લામાં હાજર થવાનું રહેશે. વંચાણે લીધેલ ક્રમ-(૩) મુજબના તા.૦૧-૦૪-૨૦૨૨ના ઠરાવની આ પ્રકરણની જોગવાઇઓ અન્વયે આવી રીતે પ્રતિનિયુક્તિ પર મૂકવામાં આવેલ તમામ વિદ્યાસહાયકો/ શિક્ષકોને આ જોગવાઇ લાગુ પડશે.*<br>સદર કર્મચારીના જી.પી.એફ. ડ્રાફ્ટ મૂળ જિલ્લામાં મોકલવાની જવાબદારી સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.<br>*ઉક્ત પ્રતિનિયુક્તિના કિસ્સાઓમાં નિવૃત્તિના બે વર્ષ પૂર્વે પ્રતિનિયુક્તિવાળા કર્મચારીને તેના મૂળ જિલ્લામાં પરત કરવાના રહેશે.* |
| | **પ્રકરણ-U** |
| **રાજયકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ :-** | |
| (-) | આ ઠરાવમા બતાવેલ કોઇ પણ પ્રકારની બદલી કે પ્રાથમિક શિક્ષકની સેવા વિષયક બાબતો તથા તેને મળવાપાત્ર લાભ માટેના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ કોઇ પણ હુકમથી વિદ્યાસહાયક/શિક્ષકને નારાજગી હોય તો તે નીચે જણાવેલ **પદ્ધતિ** અનુસાર <u>રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિને</u> રજૂઆત કરી શકશે.<br>વિદ્યાસહાયક/શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ હુકમની તારીખથી દિન-૩૦ મા તમામ આધાર-પુરાવા સાથે જે હુકમ સામે નારાજગી હોય તે નારાજગીની સ્પષ્ટ વિગતો શિષ્ટ ભાષામા લેખિત અરજી સ્વરૂપે કરવાની રહેશે. આ અરજી ૩(ત્રણ) નકલમા કરવાની રહેશે. જેની ૨(બે) નકલ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ અને ૧(એક) નકલ સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીને આર.પી.એ.ડી.થી ફરજિયાત મોકલી આપવાની રહેશે.<br><br>• <u>ફરીયાદ નિવારણ સમિતિ નીચે મુજબના ચાર સભ્યોની રહેશે.</u><br>(૧) નિયામકશ્રી, પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી, અધ્યક્ષ<br>(૨) ઉપ સચિવશ્રી , પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સભ્યશ્રી<br>(૩) નાયબ/સયુંક્ત નિયામકશ્રી(મહેકમ)(પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્યશ્રી<br>(૪) મદદનીશ નિયામકશ્રી/વહીવટી અધિકારીશ્રી(પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્ય સચિવશ્રી<br>આ સમિતિની ઓછામાં ઓછા દર ૨(બે) માસે બેઠક મળશે. આ સમિતિએ આવેલ અરજીઓની સુનાવણી કરવાની રહેશે તથા આખરી સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દિન-૪૫ મા નિર્ણય કરી હુકમ કરવાનો રહેશે.<br>• <u>સમિતિની સત્તાઓ :-</u> |



૪૮

| | |
|---|---|
| | **અરજદાર અને સંબંધિત અધિકારીને પોતાની બાબત અને પુરાવા રજૂ કરવાની તક આપ્યા પછી કેસના ગુણદોષના આધારે નિર્ણય કરી શકશે.**<br>(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને યથાવત રાખશે.<br>(૨) અરજદારની રજૂઆત ગ્રાહ્ય ન રાખવાનો આદેશ કરશે.<br>(૩) ઉપલબ્ધ ખાલી જગ્યા પર અરજદારનો હુકમ કરવાનું ફરમાવશે.<br>(૪) અરજદારની રજૂઆતમાં તથ્ય હોય તો નિયમોને આધિન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને આંશિક સુધારી શકશે/રદ કરી કરશે.<br>(૫) કેસના ગુણદોષને આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને જરૂરી સૂચના આપી શકાશે.<br>(૬) કાયદાકીય અને પરિપત્ર/ઠરાવના અર્થઘટનનો પ્રશ્ન થાય ત્યારે વિભાગને નિર્ણય અને માર્ગદર્શન માટે મોકલી શકશે. |

૨. આ સુધારેલ ઠરાવની જોગવાઇઓ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સૂચનાઓ આપી શકશે.

૩. આ ઠરાવની સમીક્ષા તા.૦૧-૦૪-૨૦૨૭ થી તા.૩૦-૦૪-૨૦૨૭ સુધીમાં કરવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા-૧૦.૦૫.૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટર ડિરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન , સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} **નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત**

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મૂકવા સારૂં)
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩

<u>પરિશિષ્ટ - ૧</u>

<u>દંપતિ કિસ્સામાં ફેરબદલી માટે આપવાનું પ્રમાણપત્ર.</u>

<u>જે વિદ્યાસહાયક/શિક્ષક બદલી કરવા માંગતા હોય તેમના પતિ/પત્ની જે શાળા/સંસ્થામાં ફરજ બજાવતા હોય તેમની વિગત આ પ્રમાણપત્રમાં દર્શાવવી.</u>

<u>બદલીના ઠરાવ અનુસારના તમામ દંપતી કિસ્સામાં આ પરિશિષ્ટનાં નમૂનાનો ઉપયોગ કરવાનો રહેશે.</u>

જા.નં. .................. તારીખ:- ......................

(૧) કર્મચારી/અધિકારીનું પૂરૂ નામ:- ..................................................................

(૨) જન્મ તારીખ :-..........................................................................

(૩) હોદો :-.......................................................................

(૪) ખાતામા દાખલ તારીખ :-.........................................................................

(૫) પ્રાથમિક શિક્ષકના કિસ્સામાં વિભાગ/વિષયઃ- ............................................

(૬) હાલની કચેરી/સંસ્થામાં દાખલ તારીખ :-...................................................

(૭) કચેરીનું /સંસ્થા/શાળાનું નામ :-..........................................................

સરનામું :-............................................................

તાલુકો:- ..................... જિલ્લો:-................ ટેલીફોન નંબર:-.......................

(૮) પગારની વિગત

(૧) પૂરો પગાર/ફિક્સ પગાર:-................................

(૨) પગાર ધોરણ (બેઝિક) :-...............................

(૩) ફિકસ પગારમાં હોય તો નિયમિત પગાર ધોરણમાં સમાવવાની તારીખ:-.............

(૪) નિયત સમય(પાંચ વર્ષ) બાદ નિયત પગારમાં સમાવવાપાત્ર છે કે કેમ? :-હા/ના ...

(૯) નિવૃત્તિની તારીખ :-.............................

ઉપરોકત પ્રમાણપત્ર શ્રી/શ્રીમતી ..............................................................ની અસલ સેવાપોથીની સાથે ખરાઇ કરીને તેમના પતિ/પત્ની શ્રી/શ્રીમતી ..........................................

હોદો...........................પ્રા.શાળા.......................................તાલુકો.................... જિલ્લો.......................

ની જિલ્લા આંતરિક બદલી/જિલ્લા ફેરબદલીના હેતુસર આપવામાં આવે છે.

સ્થળ:- ................ કચેરી/સંસ્થાના વડાની સહી :- ............................

તારીખ:- ............... સહી કરનારનું નામ :- ................................

કચેરીનું સીલ

(શાળાનો સિકકો) કચેરી/સંસ્થાનો સિકકો

## મેડીકલ બોર્ડનો અભિપ્રાય પત્રક-૧

દર્દીનો પાસપોર્ટ સાઈઝ ફોટો

(તમામ વિગતો સ્પષ્ટ, સુવાચ્ય અક્ષરોમાં તેમજ તમામ કૉલમની વિગત આ અભિપ્રાય તપાસના અધિકારી/કર્મચારી કે જે તબીબીક્ષેત્ર સાથે સંકળાયેલ ન હોય છતાં સમજી શકે તેવી રીતે જણાવીને તમામ કોલમની વિગતો અવશ્ય ભરવી )



86

પ્રમાણપત્ર ઇસ્યુ નંબર: તારીખ: સ્થળ:

| | | |
|---|---|---|
| ૧. | દર્દીનુ નામ અને ઉંમર | |
| ૨. | દર્દીના ફોટોને અસલ ફોટો ઓળખપત્ર (આઈડી પ્રુફ) સાથે સરખાવીને તે જ દર્દી હોવાની ખરાઈ કરેલ છે? | |
| ૩. | દર્દીને તપસ્યા તારીખ | |
| ૪. | રોગનું પૂરું નામ(અંગ્રેજી)માં લખો તો capital letters માં રોગનું પુરું નામ લખવા વિનંતી) | |
| ૫. | રોગનાં લક્ષણો અને કારણો | |
| ૬. | આ રોગ અસાધ્ય છે?(હા કે ના) | |
| ૭. | આ રોગ ગંભીર છે? (હા કે ના) | |
| ૮. | આ દર્દીના કિસ્સામાં રોગ અસાધ્ય અને/ અથવા ગંભીર હોવાં અંગેની સ્પષ્ટ વિગતો દર્શાવવી. | |
| ૯. | આ દર્દીના કિસ્સામાં રોગ સર્જરી અથવા દવાઓ અથવા અન્ય રીતે નિયંત્રણમાં રહી શકે તેમ છે કે કેમ? તેની સ્પષ્ટ વિગતો. | |
| ૧૦. | રાજયમાં તબીબી સેવાઓની ઉપલબ્ધિનાં સંબંધમાં દર્શાવેલ રોગની સારવાર બદલીની માંગણીની જગ્યાએ ઉપલબ્ધ છે કે કેમ? જો હા, તો તે અંગેની હોસ્પિટલની સ્પષ્ટ વિગત. | |
| ૧૧. | રાજયમાં તબીબી સેવાઓની ઉપલબ્ધિનાં સંબંધમાં દર્દીના હાલના ફરજ સ્થળથી નજીક કઈ કઈ હોસ્પિટલ/શહેરમાં સારવાર ઉપલબ્ધ છે? | |

## મેડિકલ બોર્ડનો અભિપ્રાય પત્રક-૨

| શિક્ષણ વિભાગ હેઠળ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોની તબીબી કારણોસર ખારા કિસ્સામાં બદલીની દરખાસ્ત સાથે રજૂ કરવાના અભિપ્રાયનો નમૂનો | શિક્ષકનો પાસપોર્ટ સાઈઝ ફોટો | દર્દીનો પાસપોર્ટ સાઈઝ ફોટો |
|---|---|---|

દર્દીની વિગત

| | | |
|---|---|---|
| (૧) | દર્દીનુ નામ | |
| (૨) | દર્દીની જન્મ તારીખ અને ઉંમર | |
| (૩) | દર્દીનો આધાર નંબર | |
| (૪) | દર્દીનાં ઓળખનાં ચિન્હ | |
| (૫) | અરજદાર શિક્ષકનો દર્દી સાથેનો સંબંધ અને તે અંગેનો રજૂ કરાયેલ પુરાવો | |
| (૬) | રોગ અંગેની વિગત | |
| (૭) | દર્શાવેલ રોગ ક્યારથી થયેલ છે તે | |
| (૮) | હાલમાં કઈ હોસ્પિટલમાં સારવાર ચાલુ છે તે | |

(અને સંબંધનો પુરાવો સંબંધીત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ ખરી નકલ કરી આ સાથે જોડવો)

| | | |
|---|---|---|
| (૧) | અરજદાર શિક્ષકનું નામ | |
| (૨) | હાલની શાળાની વિગત અને સરનામું | |
| (૩) | બદલીની માંગણીનું સ્થળ, તાલુકા અને જિલ્લાનું નામ | |
| (૪) | નિયમિત રીતે થતાં બદલી કેમ્પમાં બદલીની માંગણી કરેલ છે? જો હા તો તેની સંપૂર્ણ માહિતી | |
| (૫) | તેઓની બદલીની માંગણી સંબંધે માંગણીના જિલ્લા/તાલુકા નાં સંબંધમાં બદલીના હેતુ માટેનો પ્રવરતા(સિનીયોરીટી) | |

તારીખ:

સ્થળ:

ક્ષેત્રીય કક્ષાઓ ખરાઈ કરનાર
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનાં નામ, સહી અને સિક્કો

અરજદાર શિક્ષકની સહી

(આ બદલીનાં સ્થળે અરજદાર શિક્ષકને લાયકાત મુજબ જગ્યા ખાલી છે કે, નહી તેની ચકાસેલ વિગત આ સાથે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ આ સાથે સામેલ કરવી.)

## પરિશિષ્ટ - ૩ {વહીવટી બદલી}

## વિદ્યાસહાયક/શિક્ષકની વહીવટી બદલીની બહાલી અંગેનું ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | વિગત |
|---|---|---|
| ૧ | કર્મચારીનું નામ | |
| ૨ | હાલની શાળાનું નામ અને સરનામું | |
| 3 | વહીવટી બદલી કરેલ શાળાનું નામ , સરનામું, બદલી હુકમ નંબર અને તારીખ | |
| ૪ | બદલી હુકમનો અમલ કરીને શિક્ષકને છૂટા કરેલ છે? | |
| ૫ | છૂટા કર્યા(ફરજમુકત) બાદ શિક્ષક બદલીવાળી શાળામાં હાજર થયા છે? | |
| ૬ | તાલુકા ફેરબદલી કરી છે ? | |
| ૭ | વહીવટી બદલી કરેલ શાળાનું જૂની શાળાથી અંતર | |
| ૮ | ખાતામાં દાખલ તારીખ | |
| ૯ | નિવૃતિની તારીખ | |
| ૧૦ | હાલનીં શાળામાં દાખલ તારીખ | |
| ૧૧ | પતિ કે પત્ની નોકરી કરે છે તો તેની વિગત | નામ<br>શાળાનું નામ<br>તાલુકો |
| ૧૨ | વહીવટી બદલી કરેલ શિક્ષક ક્યા વિભાગમાં નિમણૂંક પામેલ છે તે | ધોરણ- વિષય- |
| ૧૩ | તેઓની ક્યા વિભાગમાં બદલી કરી છે તે | |
| ૧૪ | શિક્ષક વિરુદ્ધની પ્રથમ રજૂઆત/ફરિયાદ કરનારનું નામ અને રજૂઆતની તારીખ | |
| ૧૫ | પ્રાથમિક તપાસ કરેલ છે ? | |
| ૧૬ | પ્રાથમિક તપાસ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો | |
| ૧૭ | પ્રાથમિક તપાસના તારણો | |

| | | |
|---|---|---|
| ૧૮ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જાતતપાસ / સ્થળ તપાસ કરી હોય તેની તારીખ | |
| ૧૯ | જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રીના જાતતપાસ/ સ્થળ તપાસ અહેવાલની નકલ સામેલ કરી છે? | |
| ૨૦ | કર્મચારી દોષિત જણાય છે કે કેમ? | |
| ૨૧ | બદલી સિવાય અન્ય શિક્ષાત્મક કાર્યવાહી કરી છે કે કેમ? | |
| ૨૨ | તહોમતનામુ(ચાર્જશીટ) આપી શકાય તેમ છે? | |
| ૨૩ | આ શિક્ષકની અગાઉ વહીવટી બદલી થયેલ છે? જો હા તો તેના કારણો | |
| ૨૪ | બદલી કર્યા પહેલા જૂની શાળામાં કર્મચારી સંખ્યા તથા મહેકમની વિગતો | ધો. ૧ થી ૫ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા -<br>ધો. ૬ થી ૮ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા - |
| ૨૪ | બદલી કર્યા પછી જૂની શાળામાં કર્મચારી સંખ્યા તથા મહેકમની વિગતો | ધો. ૧ થી ૫ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા -<br>ધો. ૬ થી ૮ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા - |
| ૨૫ | આ શિક્ષકને મુક્યા પછી બદલીવાળી શાળાની મહેકમ અંગેની સ્થિતિ | ધો. ૧ થી ૫ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા -<br>ધો. ૬ થી ૮ મંજૂર શિક્ષક -<br>કામ કરતા શિક્ષક -<br>વિદ્યાર્થીની સંખ્યા - |

| | | |
|---|---|---|
| ૨૬ | શિક્ષકની બદલી કરવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થાય તેમ છે? આ શિક્ષકની બદલી ન કરીએ તો શું મુશ્કેલી કે પ્રશ્નો આવે તેમ છે? | |
| ૨૭ | આ બદલી હુકમ અંગે કોઈ કોર્ટકેસ થયેલ છે કે કેમ? જો હોય તો ના. કોર્ટ ના આદેશની અવમાનના થાય છે કે કેમ? | |
| ૨૮ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનો અભિપ્રાય | |

## પરિશિષ્ટ-૪

(ક) જિલ્લામાં વધ-ઘટ કેમ્પ પૂર્ણ થયા બાદ બાકી રહેલ વધ શિક્ષકોની  વિગત દર્શાવતું રજિસ્ટર

| ક્રમ | શિક્ષકનું પૂરૂ નામ | હાલની શાળા | તાલુકો | વિભાગ-વિષય | જન્મ તારીખ | ખાતામાં દાખલ તારીખ | હાલની શાળામાં દાખલ તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

(ખ) જિલ્લામાં વધ-ઘટ કેમ્પ પૂર્ણ થયા બાદ બાકી રહેલ ખાલી જગ્યાની  વિગત દર્શાવતું રજિસ્ટર

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | ધો-૧થી૫ | ધોરણ-૬ થી ૮ | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ભાષા | ગણિત-વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | |
| | | | | | | | |

પરિશિષ્ટ-ક

## ધોરણ ૬ થી ૮ ના કાર્યભારને ધ્યાને લેતાં શાળાઓમાં વિષયવાર મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા (સૂચિત)

| અ.નં | ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬ થી ૮ વર્ગોની સંખ્યા | મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાષા | ગણિત વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન |
| 1 | 3 | 1 | 1 | 1 |
| 2 | 4 | 2 | 1 | 1 |
| 3 | 5 | 2 | 2 | 1 |
| 4 | 6 | 3 | 2 | 1 |
| 5 | 7 | 3 | 2 | 2 |
| 6 | 8 | 3 | 3 | 2 |
| 7 | 9 | 4 | 3 | 2 |
| 8 | 10 | 5 | 3 | 2 |
| 9 | 11 | 5 | 3 | 3 |
| 10 | 12 | 5 | 4 | 3 |
| 11 | 13 | 6 | 4 | 3 |
| 12 | 14 | 6 | 5 | 3 |
| 13 | 15 | 6 | 5 | 4 |
| 14 | 16 | 7 | 5 | 4 |
| 15 | 17 | 7 | 6 | 4 |
| 16 | 18 | 8 | 6 | 4 |
| 17 | 19 | 8 | 6 | 5 |
| 18 | 20 | 9 | 6 | 5 |
| | | | | |

## <u>પ્રતિનિયુક્તિથી આવનાર શિક્ષક/શિક્ષિકાના પતિ/પત્નિએ રજૂ કરવાનું પ્રમાણપત્ર</u>

શ્રી/શ્રીમતી.................................હોદ્દો................................/કચેરી ..................................

તા.............................. જિ......................... તારીખ .................... થી આ શાળા/કચેરીમાં ફરજ બજાવે છે. સદર કચેરી ગુજરાત સરકારના ............................... વિભાગના ....................................... ખાતાના વડાના નિયંત્રણ હેઠળ આવે છે. તેઓની જગા અન્ય જિલ્લાઓમાં પણ ઉપલબ્ધ હોઈ તેઓ અન્ય જિલ્લામાં બદલીપાત્ર છે. તે રેકર્ડ પરથી ખરાઈ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કચેરીનું રાઉન્ડ સીલ

સહીઃ-

શાળા/કચેરીના વડાનું નામઃ-

હોદ્દોઃ-

પ્રમાણપત્ર

## સ્વઘોષણા(Self- Declaration)નો નમૂનો

આથી હું નીચે સહી કરનાર(પૂરું નામ) ........................................................ ઉંમર વર્ષ...........તાલુકા........................જિલ્લાની.................સરકારી પ્રાથમિક શાળા ખાતે ફરજ બજાવું છુ. આથી હું જાહેર કરું છું કે *............ .મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજો ( જે તે દસ્તાવેજ/પ્રમાણપત્રની વિગત લખવી) મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઇ બાબત છૂપાયેલ નથી. હું એ જાણું છુ કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજૂ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવાને પાત્ર છે.

સહી...............................

પુરું નામ................................

હાલની શાળાનું સરનામું..............

આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર.......

* આ ઠરાવમાં જયાં સ્વઘોષણા(Self- Declaration)નો ઉલ્લેખ હોય તેના સંદર્ભમાં તે બાબતનો ઉલ્લેખ આ સ્વઘોષણા(Self-Declaration)માં કરવાનો રહેશે.